# تَــجُــوِيُــدُالُــقُــرُاٰنَ

# (قواعد تجويد)

તજવીદુલ  કુરઆન(તજવીદના નિયમો)

પ્રકાશક :  હુસૈની એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી ટ્રસ્ટ ભાવનગર.

ફોન નં .૨૫૧૧૪૧૨

www.hadilibrary.org

કિતાબઃ– તજવીદુલ કુરઆન

વિષયઃ– કવાએદે તજવીદ

પ્રકાશકઃ– હુસૈની અજયુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી ટ્રસ્ટ

આવૃતિઃ– પહેલી વર્ષ : એપ્રિલ – ૨૦૦૭

પ્રત :– ૧૦૦૦ હદિયો : રૂા. ૧૦/–

સર્વહકકઃ– સ્વાધીન

સંદર્ભ કિતાબોઃ–

(૧) હિલયતુલ કુરઆન (ફારસી)(કવાએદે તજવીદ)

(૨)મબાદિયુલ અરબીય્યહ (અરબી ઉર્દૂ)

(૩)અલ મુન્જિદ (અરબી લોગત)

(૪)અરબીકા મોઅલ્લિમ (અરબી–ઉર્દૂ)

(૫)જલાઉલ કોલૂબ (ઉર્દૂ) (કવાએદે તજવીદ)

(૬)ફઝાએલે કુરઆન (અરબી–ઉર્દૂ)

(૭)ઓલૂમે કુરઆની (ફારસી)

**www.hadilibrary.org**

اَعُوذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ وَالصَّلَاةُ
وَالسَّلَامُ عَلٰىٓ اَشْرَفِ الْاَنْبِيَآءِ وَالْمُرْسَلِيْنَ
مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيْنَ الطَّاهِرِيْنَ فَقَدْ قَالَ
اللّٰهُ تَبَارَكَ وَتَعَالٰى فِىْ الْقُرْاٰنِ الْمَجِيْدِ
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
وَرَتِّلِ الْقُرْاٰنَ تَرْتِيْلًا

અલ્લાહ તબારક વ તઆલા કુરઆને મજીદમાં પોતાના પ્યારા હબીબ (સ.અ.વ.) ને ફરમાવે છેઃ

"અને ઠેહરી ઠેહરીને કુરઆન પડો" (સૂ. મુઝઝમ્મિલ–૪)

'અન્વારૂલ બયાન ફી તફસીરિલ કુરઆન'માં આ આયતની તફસીરમાં લખ્યુ છે કે, 'અને કુરઆનને યોગ્ય(સ્પષ્ટ) રીતે પડ' "કુરઆન પડવામાં બહુજ ધ્યાન રાખો અને શબ્દોને તેના મખ્રજ ની સાથે અદા કરો."

હ. અમીરૂલ મોઅમેનીન (અ.સ.)મે ફરમાવ્યું છે : " કુરઆનને બિલ્કુલ સાફ અને સહી રીતે પડો, કાવ્યની રીતે જલ્દી – જલ્દી ન પડો, પણ એવી રીતે પડો કે સખ્ત દિલ પણ સાંભળીને નરમ થઇ જાય અને સૂરાને જલ્દી ખત્મ કરવાનો ખ્યાલ ન કરો."

આમ, ખુદાવન્દે આલમે કુરઆનને 'તરતીલ' થી પડવાનો

હુકમ કરેલ છે અને પયગમ્બરે ઈસ્લામ(સ.અ.વ.) પણ 'તરતીલ' થી કુરઆન પડતા હતા.

તરતીલ એટલે શું ? તરતીલ કોને કહેવાય તે વિશે હ. અલી. (અ.સ.) ફરમાવે છે :

اَلتَّرْ تِيْلُ اَدَآءُ الْحُرُوْفِ وَ حِفْظُ الْوُقُوْفِ

" 'તરતીલ' એટલે ઠહેરવાના નિયમોના પાલન સાથે હુરૂફ ની સહી અદાએગી કરવી." તેમજ ફરમાવે છે :

اَلتَّرْ تِيْلُ تَجْوِيْدُ الْحُرُوْفِ وَ حِفْظُ الْوُ قُوْفِ

"તરતીલ' એટલે વકફ ના (ઠહેરવાના) લેહાઝ ની સાથે હુરૂફની તજવીદ થી (સ્પષ્ટ ઉચ્ચારણથી) અદાએગી કરવી."

હ. ઈમામ જઅફર સાદિક(અ.સ.) ફરમાવે છે :

اِنَّ الْقُرْاٰنَ لَا يُقْرَأُ هَذْ رَمةً وَلٰكِنْ يُرَتَّلُ تَرْتِيْلًا

'કુરઆનને જલ્દી જલ્દી ન પડો પણ, કુરઆનની તિલાવત ઠહેરી ઠહેરીને કરો'

ઉપરાંત કુરઆને મજીદમાં પણ ફરમાવવામાં આવેલ છે. :

"અને ઠેહરી ઠેહરીને કુરઆન પડો"

આમ કુરઆને મજીદ ની તિલાવત તરતીલ થી કરવા ની ત્રણ (૩) રીત છે.

١) તહકીક تحقيق

٢) તહદીર تحدير

٣) તદવીર تدوير

(૧) <u>તહકીક</u> :– તહકીકનો શાબ્દિક અર્થ કોઈ વસ્તુની હકીકત સુધી પહોંચવું એવો થાય છે. 'તહકીક' એટલે કિરાઅત ના તમામ નિયમો ની સાથે અને ઘણુ જ ધીમે પડવું. કિરાઅતની આ રીત મહેફીલોમાં કુરઆનના કારીઓ અપનાવતા હોય છે. અને કુરઆનને હિફઝ કરવા માટે પણ આ રીતે રિયાઝ કરવામાં આવે છે.

(૨) <u>ત હદીરઃ–</u> તહદીર એટલે ઝડપથી અને જલ્દી પડવું. આ રીત કુરઆનને વધારે પડવા માટે અપનાવવામાં આવે છે. પણ ઝડપ એટલી વધારે ન હોવી જોઈએ કે તરતીલની રીતથી ખારિજ થઈ જાય. હકીકતમાં પડનાર માટે આ રીત યોગ્ય નથી.

(૩) <u>તદવીરઃ–</u> તદવીર એટલે એ રીતે કિરાઅત કરવી કે 'તહકીક'ની રીત કરતા થોડું ઝડપી અને 'તહદીર' કરતા થોડું ધીમે હોય. 'તહકીક' અને તહદીરની વચ્ચે ની આ રીત ઘણાખરા કારીએ કુરઆન અપનાવે છે.

## કિરાઅતે કુરઆન قرائت قرآن

હ.રસૂલે ખુદા સ.અ.વ. ની વફાત પછી કુરઆને મજીદ ને સંપાદિત (એકત્રિત) કરવામાં આવ્યુ. ત્યારે કલેમાતે કુરઆન માં હરકાત (ઝેર,ઝબર,પેશ વી.)ન હતા તેથી અરબ સિવાય ના લોકો માં સૂ. હમ્દ માં કોઇ 'મા લેકે યવ્મિદ્દીન' પડતુ , તો કોઇ 'મલેકે યવ્મિદ્દીન' પડતુ કોઇ 'નસ્તઈન' પડતુ તો કોઇ 'નિસ્તઈન' પડતુ આ સિવાય ઘણી જગ્યાએ ઉચ્ચારણ માં ફરક પડી જવાથી અર્થ ફરી જતો હતો તેથી હી.સ. ૬૯ 'અબીલ અસવદ દોએલી' એ નુકતા લગાવ્યા અને પછી 'ખલીલ બિન અહેમદ'એ હરકાત લગાવ્યા. આ હરકાત પ્રમાણે કલેમાતે કુરઆની નું ઉચ્ચારણ કરવુ તેને

'કિરાઅત' કહે છે. અને કિરાઅતે કુરઆન કરનાર ને 'કારી' કહે છે, અને આવા સાત કારીઓ મશહૂર છે જેને 'કુરરાએ સબ્આ' કહેછે, જેઓના નામ નીચે મુજબ છે.

<u>કુરરાએ સબ્આ</u> <u>હી.સ.</u> <u>રાવીઓ.</u>

૧)અબ્દુલ્લાહ બિન આમિર.(દમિશ્કી) ----૧૧૮ હશ્શામ.

૨)અબ્દુલ્લાહ બિન કસીર (મકકી) ----૧૨૦ બઝઝી.

૩)અબુબકર આસિમ બિન અબીન્નજુદ(કુફી)–૧૨૮ હફસબિન સુલૈમાન.

૪)અબુઅમ્રૂ બિન અલાઅ (બસરી)---------૧૫૪ સૂસી.

૫)અબુઅમ્મારહ હમ્ઝા બિન હબીબ ઝય્યાત કુફી--૧૫૬ ખલફ.

૬)અબુ અબ્દિલ્લાહ નાફેઅ બિન અબી નદીમ મદની.–૧૬૯ વરશ.

૭)અબુલહસન અલી બિન હમ્ઝા કસાઈ.------ ૧૮૯ હફસેદુરરી.

આ કુરરાએ સબ્આ માં 'આસિમ બિન અબીન્નજૂદ કૂફી.'ની કિરાઅત મોઅતબર છે.અને રાવીઓ માં 'હફસ બિન સુલૈમાન'ની રિવાયત કાબિલે યકીન અને ભરોસાપાત્ર છે. અને કુરઆને મજીદ પણ 'હફસ' ની રિવાયત થી 'આસિમ' ની કિરાઅત મુજબ જ મુરત્તબ થએલ છે. તેમજ કુરઆનેમજીદ માં ( ¯ ) આવી નિશાની કરીને હાંશિયા ઉપર 'હફસ' અને 'આસિમ'ના નામથી એ બાબતની નોંધ જોવા મળે છે કે આ જુમ્લા માં કિરાઅત (ઉચ્ચારણ) કઇ રીતે કરવી. જેમકે:

مَجۡر۪ىٰهَا قَوَارِيۡرَا

## تجويد علم તજવીદ અને તેનું મહત્વ

'તજવીદ' નો શાબ્દિક અર્થ શણગારવું, બેહતર અને ખૂબસૂરત બનાવવું એવો થાય છે. 'તજવીદ' એટલે કુરઆનના દરેક હરફ (અક્ષર)ને તેના સહી મખ્રજ(ઉચ્ચાર)થી, હરફની ખાસિયત અને નિયમની સાથે અદા કરવો.

હરફની અદાએગી( ઉચ્ચાર) મોં ના કયા ભાગમાંથી કરવી, દરેક હરફ ની સિફત(અક્ષર ના ગુણો), કઈ જગ્યાએ ઈઝહાર(સ્પષ્ટ ઉચ્ચાર) થાય અને કયાં મખ્ફી( છૂપુ) રહે, કયાં લંબાવીને પડવું, કયાં ઝટકો આપીને પડવું, કયા હરફ (અક્ષર)માં ઝબાનને ઉઠાવવી પડે છે, કયા હરફમાં ઈકલાબ ( ફેરફાર) થઈ જાય, કયાં ઈદગામ થઈજાય ( મેળવીને પડવું ) કયાં વકફ કરવુ કયાં વસ્લ કરવુ વગેરે તમામ બાબતોનો સમાવેશ 'તજવીદ'ના વિષયમાં કરવામાં આવે છે.

☆ કુરઆને મજીદની કિરાઅત તેના અક્ષરોના સાચા મખ્રજ, ખાસિયતો અને નિયમોની સાથે કરવી જરુરી છે. જેને 'તજવીદ' કહે છે.કુરઆને મજીદની તિલાવત 'તરતીલ' થી કરવા માટે એટલે કે દરેક અક્ષર અલગ – અલગ સ્પષ્ટ સમજાય તે રીતે, તેમજ દરેક અક્ષરને તેના સહી મખ્રજથી ઉચ્ચારવા, અક્ષરની સિફત અને તેના મખ્રજ(ઉચ્ચાર)ની જાણકારી તથા 'વકફો વસ્લ' (ઠેહરવાના અને મેળવીને પડવાના) નિયમોની જાણકારી માટે 'ઇલ્મે તજવીદ'' જરૂરી છે.

અગર કોઇ શખ્સ સૂ. અલ્હમ્દ અથવા બીજા સૂરા નો કોઇ એક શબ્દ ન જાણતો હોય અથવા જાણી બુજીને તેનો ઉચ્ચાર ન કરે ,યા

એક ની જગ્યાએ બીજા અક્ષર નો ઉચ્ચાર કરે જેમકે 'ઝાદ' ની જગ્યાએ 'ઝો' પડે અથવા જે જગ્યાએ ઝેર, ઝબર વગર પડવુ જોઈએ ત્યાં ઝેર, ઝબર આપે, અથવા જયાં 'તશ્દીદ' જરૂરી છે ત્યાં 'તશ્દીદ 'ન આપે તો નમાઝ બાતિલ ગણાશે.

(મસ્અલા નં. ૧૦૦૯ તવઝીહુલ મસાઈલ. સિસ્તાની સાહેબ.)

અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલાએ પોતાની કિતાબ કુરઆને મજીદ અરબી ભાષામાં ઉતારી છે. તેમાં તમામ ઈન્સાનો માટેજીવન જીવવાની રીત તેમજ દુનિયાનું તમામ પ્રકારનું ઈલ્મ છે. કુરઆને મજીદની સહીહ કિરઅત માટે અને તેને સમજવા માટે 'તજવીદ'નું જ્ઞાન મેળવવું ખૂબ જ જરૂરી બને છે. કુરઆને મજીદના અક્ષરોની વિશિષ્ટતા, તેના ઉચ્ચારની જાણકારી અને 'વકફો વસ્લ'(ઠહેરવા અને મેળવવા)ના નિયમોની જાણકારી 'તજવીદ'નો અભ્યાસ કરવાથી આપણે શીખી શકીએ છીએ. જો કોઈ કુરઆન ન શીખે અને દીની મસાએલની જાણકારી આલિમો પાસેથી કે કિતાબોમાંથી મેળવી લે તો પણ નમાઝમાં સૂરાઓની કિરઅત વાજીબ હોવાથી નમાઝ અને તેની કિરઅત સહીહ થવા માટે 'તજવીદ' શીખવું જરૂરી છે.

કુરઆને મજીદની સહીહ કિરાઅત માટે તજવીદની જરૂરી બાબતોને આવરી લેતી આ કિતાબ 'તજવીદુલ કુરઆન' તૈયાર કરવામાં આવી છે.

આ કિતાબમાં કંઈ ભુલ જણાય તો ધ્યાન દોરવા નમ્ર વિનંતી.

મોઅલ્લિફ :
કાઝિમરઝા એચ. અસીલ

## સબક ૧ :અરબી મૂળાક્ષરો حروف تهجّی

અલિફ (ا) થી યા (ی) સુધીના હુરૂફ(અક્ષરો)માં અલિફ (ا) અને હમઝા (ء) નો એક જ મખ્રજ (સરખા ઉચ્ચારના) હોવાથી અમુક ઓલમાએ તજવીદ 'હુરૂફે તહજ્જી'ના ૨૮ હુરૂફ(અક્ષરો) માને છે અને અમુક ૨૯ માને છે.

અરબીના ત્રણ સ્વર(ا-و-ی) માંથી અલિફ એક સ્વર

છે. જેવી રીતે કે, قَال = કાલ

અહિં અલિફનો કોઈ સ્વતંત્ર ઉચ્ચાર નથી, તે સ્વર તરીકે છે. અલિફ નો રાબેતો કાફ સાથે હોવાથી તેને 'અલિફે મરબુતા' કહે છે, જેને 'અલિફે મદ્દી' પણ કહેવામાં આવે છે.

અલિફની પહેલાના હરફ(અક્ષર)ને ઝબર હોય અને અલિફ ને કોઈ નિશાની ન હોય તેવા ખાલી અલિફને જ 'અલિફ' ગણવામાં આવે છે. જ્યારે અલિફ પર કોઈ હરકત(નિશાની) લાગે ત્યારે તે હમઝા છે. જેને 'હમઝા એ કત્અ' કહેવામાં આવે છે.

اَحَدٌ — أَحَدٌ

અહીં અલિફ નો 'અ' ઉચ્ચાર થયો તેથી તે સ્વર તરીકે ન હોવાથી 'ગૈરે મદ્દી' છે. એટલે તે 'હમઝા' છે. આમ અલિફ પર કોઈ હરકત(નિશાની) હોય તો તે અલિફ 'મોતહરિરકા' છે અને જો હરકત(નિશાની) ન હોય તો તે અલિફ 'સાકેના' છે.

(૧) અલિફ મુતહર્રિક(નિશાની સાથે) હોય ત્યારે તે હમઝા છે. જેને 'હમઝા એ કત્અ' કહે છે.

(૨) અલિફ સાકિન હોય ત્યારે જ તે અલિફ છે, જેન'અલિફે મમદૂદા' અથવા 'અલિફે જૌફિય્યહ' અથવા 'અલિફલય્યેનહ' કહેવામાં આવે છે.

## સબક ૨:હુરૂફ ના પ્રકારો

# اقسام حروف

### (૧) હુરૂફે શમ્શી અને હુરૂફે કમરી :

### (١) حروف شمسى و حروف قمرى

'હુરૂફે તહજ્જી'(અરબી મૂળાક્ષરો)ના ૨૮ અક્ષરોમાં ૧૪ અક્ષરો 'હુરૂફે શમ્સી' છે અને ૧૪ અક્ષરો 'હુરૂફે કમરી' છે.

| **હુરૂફે શમ્સી (સૂર્ય)** | | **હુરૂફે કમરી (ચંદ્ર)** | | |
|---|---|---|---|---|
| ث | ت | | ب | ا |
| ذ | د | خ | ح | ج |
| ز | ر | | غ | ع |
| ش | س | ك | ق | ف |
| ض | ص | | و | م |
| ظ | ط | | ى | ه |
| ن | ل | | | |

☆ <u>તફાવત</u> :– અરબીમાં કોઇ ચીઝની ખુસુસીયત માટે શબ્દની પહેલા اَلْ –અલ લખવામાં આવે છે. ( જેવી રીતે કે અંગ્રેજીમાં The ) જો اَلْ પછીનો પહેલો હરફ (અક્ષર)

'શમ્સી' હોય તો તે હરફ (અક્ષર)ને તશ્દીદ લાગી જશે અને اَلْ માંથી લામનો ઉચ્ચાર નહીં થાય.

| | | | |
|---|---|---|---|
| દા.ત. | (١) | اَلرَّحْمٰنُ | અર્રહમાનો |
| | (٢) | اَلصَّادِقُ | અસ્સાદેકો |
| | (٣) | اَلشَّكُوْرُ | અશ્શકૂરો |
| | (٤) | اَلنُّوْرُ | અન્નૂરો |

અલ (اَلْ) પછી નો પહેલો અક્ષર 'કમરી' હોય તો અલ (اَلْ) નો ઉચ્ચાર થશે.

| | | | |
|---|---|---|---|
| દા.ત. | (١) | اَلْبَاقِيْ | અલ્બાકી |
| | (٢) | اَلْجَلِيْلُ | અલ્જલીલો |
| | (٣) | اَلْخَالِقُ | અલ્ખાલેકો |
| | (٤) | اَلْوَاحِدُ | અલ્વાહેદો |

## (૨) હુરૂફે ઈલ્લત (સ્વર)

## (٢) حروف علّت

અરબીના ૨૮ મુળાક્ષરોમાં ત્રણ હુરૂફ (અક્ષરો) (و – ا – ى) સ્વર છે. જેને 'હુરૂફે ઈલ્લત' કહે છે. બાકીના હુરૂફ વ્યંજન છે. જેને (حروف صحيح) 'હુરૂફે સહીહ' કહે છે. ગુજરાતી ભાષા માં 'અ, આ, ઇ, ઈ , ઉ, ઊ' વિગેરે સ્વર છે અને બાકીના વ્યંજન

છે તથા અંગ્રેજીમાં A, E, I, O, U સ્વર છે અને બાકીના વ્યંજન છે. અરબીમાં આ સ્વરો પણ ગુજરાતીના 'ઈ' અને 'ઊ' ની જેમ દીર્ઘ સ્વર છે અને ઝેર અને પેશ ગુજરાતીના 'ઇ' અને 'ઉ' ની જેમ હ્રસ્વ સ્વર છે. જેમકે.

| ☆ | **દીર્ઘ – સ્વર** | | **હ્રસ્વ – સ્વર** |
| --- | --- | --- | --- |
| નબી | نَبِى | બિન | بِنُ |
| અકૂમો | اَقُوْمُ | કુમ | قُمْ |
| કદીર | قَدِيْرٌ | કાદિર | قَادِرٌ |
| હફીઝ | حَفِيْظٌ | હાફિઝ | حَافِظٌ |
| યકૂલો | يَقُوْلُ | કુલ | قُلْ |
| યકૂનો | يَكُوْنُ | કુન | كُنْ |

## (૩) હુરૂફે મદ حروف مد (٣)

આ ત્રણ અક્ષરો ا و ي 'હુરૂફે મદ' છે. કારણ કે મદ હંમેશા આ ત્રણ અક્ષરોને જ લાગે છે. જયારે તે સ્વર હોય એટલે

| | | |
| --- | --- | --- |
| ا | પહેલા ઝબર હોય | جَآءَ |
| و | પહેલા પેશ હોય | سُوْٓءَ |
| ي | પહેલા ઝેર હોય | سِيْٓءَ |

## (૪) હુરૂફે લીન: (٤) حروف لين

'લીન' એટલે નરમી. ی અને و આ બે અક્ષરો 'હુરૂફે લીન' છે. જયારે ی કે و પહેલા ઝબર હોય ત્યારે તેને નરમીથી અદા કરવામાં આવે છે.

غَيْرٌ خَيْرٌ خَوْفٌ مَوْتٌ

## (૫)હુરૂફે ઈસ્તિઅલા: (٥) حروف استعلاء

(ص ض ط ظ خ غ ق)

ઈસ્તિઅલા એટલે ઉપર તરફ ઉઠાવવુ, ઉચુ કરવું. આ સાત અક્ષરોના ઉચ્ચાર માટે ઝબાન ને ઉઠાવવી (ઉચી કરવી) પડે છે. તેથી આ સાત અક્ષરોને 'હુરૂફે ઈસ્તિઅલા' કહે છે. તેમજ આ અક્ષરોમાં અવાજ ભારે(જાડો) હોય છે. તેથી તેને 'હુરૂફે તફખીમ' પણ કહે છે.

'હુરૂફે ઈસ્તિઅલા' સિવાયના દરેક અક્ષરો **'હુરૂફે ઈસ્તેફાલ'** છે. એટલે કે આ અક્ષરમાં ઝબાન તાળવા થી નીચે રહે છે. આ અક્ષરોનો અવાજ નાઝુક, નરમાશભર્યો હોય છે. જેમાં બે અક્ષર ر અને ل નો અવાજ તફખીમની રીતે (ભારે / જાડો ઉચ્ચાર) થાય છે.

## (૬) હુરૂફે કલકલા: (٦) حرف قلقله

'કલકલા' એટલે જુંબિશ.(જટકો આપવો.) 'સુકૂન' ની હાલતમાં અક્ષરને ઝાહિર અને આઝાદ કરવો. એવા પાંચ અક્ષરો છે

ق ط ب ج د : આ પાંચ અક્ષરોના મજમૂઆ ને 'કુત્બોજદ' (قطبجد) તરીકે ઓળખવામાં આવે છે. આ પાંચ અક્ષરો જો 'સાકિન' હોય તો પણ એવી રીતે સ્પષ્ટ ઉચ્ચારવા જોઈએ કે તે 'મુતહર્રિક' (નિશાનીવાળા) લાગે. **જેમકે**

| | | | |
|---|---|---|---|
| ૧. | ખલકના | خَلَقْنَا | (ق) |
| ૨. | યત્બઓ | يَطْبَعُ | (ط) |
| ૩. | યુબ્સેરૂન | يُبْصِرُوْنَ | (ب) |
| ૪. | તજરી | تَجْرِىْ | (ج) |
| ૫. | યદખોલૂન | يَدْخُلُوْنَ | (د) |

---

اٰيَا تُ الْقُرْاٰنِ خَزَآئِنُ الْعِلْمِ فَكُلَّمَا فُتِحَتْ خَزَانَةٌ يَنْبَغِىْ لَكَ اَنْ تَنْظُرَ مَا فِيْهَا

કુરઆનની આયતો ઈલ્મનો ખઝાનો છે. જયારે ખઝાનાને ખોલવામાં આવે તો તેમાં શું છે તે જોવું જરૂરી છે

હ. ઈમામ સજજાદ(અ.સ.)

## સબક ૩: મખ્રજ مخرج (٣)

હુરૂફે તહજજીના દરેક હરફ (અક્ષર)ની અદાએગી (ઉચ્ચારણ) જુદી–જુદી રીતે કરવામાં આવે છે. ઉચ્ચાર કરવામાં જે જગ્યાએથી હરફ (અક્ષર)નો અવાજ નીકળે છે તેને ' ઈલ્મે તજવીદ' માં 'મખ્રજ' કહે છે. 'ખરજુન' خَرَجَ એટલે નીકળવુ. مخرخ 'મખ્રજ' એટલે નિકળવાની જગ્યા. મખ્રજને પાંચ ભાગમાં વહેંચવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | જૌફે દહન<br>(જીભ અને તાળવાની વચ્ચેનો ભાગ) | ١ جوف |
| ૨. | હલક (ગળુ) | ٢ حلق |
| ૩. | લેસાન– ઝબાન (જીભ) | ٣ لسان |
| ૪. | શફતૈન (હોઠ) | ٤ شفتين |
| ૫. | ખૈશૂમ (નાક) | ٥ خيشوم |

**(૧) જૌફે દહન : (મોઢુ) (١)جوف دهن**

ત્રણ અક્ષરો ا و ى 'જૌફે દહન' માંથી એટલે કે જીભ અને તાળવાની વચ્ચેના (ખાલી) ભાગમાંથી અદા થાય છે. પણ શરત એ છે કે આ અક્ષરો સ્વર તેમજ સાકિન હોવા જોઈએ. 'જૌફે દહન' (મોઢા ના વચ્ચેના ભાગ) માંથી નિકળતા આ ત્રણ સ્વરોને **'હુરૂફે જૌફિય્યહ'** પણ કહે છે. દા.ત.

૧. અલિફ પહેલા ઝબર خَالِقُ

૨. વાવ પહેલા પેશ رَسُوْلُ

૩. યા પહેલા ઝેર رَحِيْمُ

આ ત્રણ હુરૂફ (અક્ષરો) જો સાકિન ન હોય તો

૧. અલિફ (ا) નો સ્વતંત્ર ઉચ્ચાર હમ્ઝા ના અવાજમાં થાય છે.

૨. 'વાવ' (و) નો ઉચ્ચાર બન્ને હોઠ ની વચ્ચેથી થાય છે.

૩. 'યા' (ی) નો ઉચ્ચાર જીભ અને તાળવા ના વચ્ચે ના ખાલી ભાગમાંથી થાય છે.

## (૨) હલક :( ગળુ ) حلق (٢)

## خ ع غ ح ه ء

**આ છ અક્ષરોનો ઉચ્ચાર હલક(ગળા)માંથી થાય છે. તેથી આ છ અક્ષરોને 'હુરૂફે હલ્કી'** કહે છે. તેને ત્રણ વિભાગ માં વહેંચવામાં આવે છે.

૧.ગળાનો ઉપલો ભાગ ابتداء حلق (١)

૨.ગળાનો વચ્ચેનો ભાગ وسط حلق (٢)

૩.ગળાનો છેલ્લો ભાગ آخر حلق (٣)

**૧. ઈબ્તેદાએ હલ્ક ابتداء حلق (١)**

**(خ-غ)** આ બે અક્ષરો ગળાના ઉપલા ભાગમાંથી ઉચ્ચારવામાં આવે છે.

**૨. વુસતે હલ્ક وسط حلق (٢)**

**(ح-ع)** આ બે અક્ષરો ગળાના વચલા ભાગમાંથી

ઉચ્ચારવામાં આવે છે.

૩. આખિરે હલ્ક **اخر حلق** **(۳)**

(ه ـ ء) આ બે અક્ષરો ગળાના છેલ્લા ભાગમાં થી ઉચ્ચારાય છે.

## (૩) લેસાન (જીભ) لسان (۳)

**ط ـ د ـ ت ـ ز ـ س ـ ص ـ ظ ـ ث ـ ذ**

**ج ـ ش ـ ى ـ ر ـ ل ـ ن ـ ض ـ ق ـ ك**

આ અઢાર અક્ષરોના ઉચ્ચારનો મખ્રજ ઝબાન છે. અને આ દરેક અક્ષરો ઝબાન(જીભ)ની અલગ – અલગ જગ્યાએથી ઉચ્ચારવામાં આવે છે. જે નીચે મુજબ છે.

(ت ــــ د ــــ ط) જીભની અણી ઉપરના આગલા દાંતોની જડ સાથે મળવાથી અદા થાય છે. અને 'તો' (ط)નો અવાઝ થોડો ભારે નિકળશે.(જીભ ને થોડુ ઉપરની તરફ.)

(ز ـ س ـ ص) જીભની અણી અને આગળના ઉપલા તથા નીચલા દાંતોના કિનારા વડે અદા થાય છે. 'સાદ' (ص)નો અવાજ 'સીન' (س) કરતા થોડો ભારે હોવો જોઈએ.

(ظ ـ ذ ـ ث)જીભની અણી આગળના ઉપલા દાંતના કિનારા સાથે મળવાથી અદા થાય છે. 'ઝો' (ظ) નો ઉચ્ચાર 'ઝાલ' (ذ) કરતા થોડો ભારે હોવો જોઈએ.

(ج ـ ش ـ ى) જીભ અને તાળવા ના વચલા

ભાગમાંથી અદા થાય છે.

(ل-ر) જીભની અણી અને તાળવાનો પહેલો ભાગ મળવાથી અદા થાયછે.

(ن)જીભની અણી અને તાળવાનો થોડો અંદરનો ભાગ મળવાથી અદા થાય છે.

(ض) જીભના કિનારાને ઉપરની જમણી અથવા ડાબી દાઢ સાથે મળવાથી અદા થાયછે.

(ق) જીભનો છેલ્લો ભાગ તેની સામેના તાળવા સાથે મેળવીને(ગળાના કાકડાના ભાગ પાસેથી) અદા થાયછે.

(ك) એ ق ના મખ્રજ થી ઝબાનનો થોડો આગળ નો ભાગ તાળવા સાથે મેળવીને અદા થાય છે.

## (૪) શફતૈન(બન્ને હોઠ) شفتين (٤)

બા (ب) અને મીમ (م) બન્ને હોઠ મળવાથી અદા થાય છે.

ફા (ف) ઉપરના દાંતની કિનારી નીચેના હોઠ સાથે મેળવીને અદા કરવામાં આવે છે.

વાવ(و) બન્ને હોઠો ની વચ્ચે થી અદા થાય છે.

## (૫) ખૈશૂમ (નાક) خسشوم (٥)

સાકિન નૂન અને તનવીન નો ઉચ્ચાર નાંક માંથી થાય છે તેમજ સાકિન મીમ પણ ગુન્ના ની રીતે અદા થાય છે તેથી (ن) 'નૂન' અને (م) 'મીમ ' ને હુરૂફે ગુન્ના પણ કહે છે.

## સબક –૪: હુરૂફ પર આવતી નિશાનીઓ

# (٤) حرکت و علامات

۱) حرکت (હરકત) ـَــ ــــ ـُــ

ــِـ ۱ ۴

---- ــــ ــــ ۱

۲) سکون (સુકૂન) ـْــ

۳) تشدید (તશદીદ) ـّــ

٤) تنوین (તન્વીન) ـًــ ــٍـ ـٌــ

٥) مد (મદ) ـٓــ

٦) وصل (વસ્લ) ص

۷) قطع (કત્અ) ء

(૧) હરકત (નિશાનીઓ) :حرکت (۱)

હરકાત ત્રણ છે. ઝબર , ઝેર ,પેશ. જેને અરબી માં આ પ્રમાણે કહે છે.

(١) ઝબર (ફત્હ) (ـَــ) (فتح)

ઝબરવાળા અક્ષરને 'મફતૂહ' مفتوح કહે છે.

(٢) ઝેર (કસ્રહ) (ـِــ) (كسره)

ઝેરવાળા અક્ષરને 'મકસૂર' مكسور કહે છે.

(٣) પેશ (ઝમ્મહ) (ـُــ) (ضمّه)

પેશવાળા અક્ષરને 'મઝમૂમ'مضموم કહે છે.

☆ **એઅરાબ (اعراب)** : શબ્દના છેલ્લા અક્ષર પર જે નિશાની હોય તેને 'એઅરાબ' કહે છે. તેના ત્રણ પ્રકાર છે.

(١) રફઅ رفع (પેશ)

છેલ્લા અક્ષર પર રફઅ (પેશ) હોય તે અક્ષરને 'મરફૂઅ' (مرفوع) કહે છે.

(٢) નસ્બ نصب (ઝબર)

છેલ્લા અક્ષર પર નસ્બ (ઝબર) હોય તે અક્ષરને 'મન્સૂબ' (منصوب) કહે છે.

(٣) જર جر (ઝેર)

છેલ્લા અક્ષર પર જર (ઝેર) હોય તે અક્ષરને મજરૂરمجرور

## الف مدّی (ـٰـ) અલિફે મદ્દી કહેછે.

(ـٰـ) આ નિશાની ને અલિફે મદ્દી કહે છે. તેનો ઉપયોગ (ـَـا) ઝબર અને અલિફ ને બદલે થાય છે, અને તેનો ઉચ્ચાર બે હરકત જેટલુ ખેંચીને કરવામાં આવે છે, તેથી તેને 'અલિફે મદ્દી' કહેછે.

اٰدَمَ - سُبۡحٰنَكَ - سَمٰوٰتٍ

## الف مقصوره અલિફે મકસૂરહ

કલેમા (ઈસ્મે મકસૂરહ)ના આખરી હરફ ' یا' ઉપર આવતી અલિફની નિશાનીને 'અલિફે મકસૂરહ' કહે છે. તેમાં અલિફ નો ઉચ્ચાર થશે.

تَرۡضٰى اَعۡلٰى تَزَكّٰى مُوۡسٰى

## واو مدّی (ـٗـ) વાવે મદ્દી

(ـٗـ) આ નિશાની ને 'વાવે મદ્દી'કહે છે. તેનો ઉપયોગ (ـُـو) વાવ અને પેશ ને બદલે થાય છે, જેમકે(هُوَ)= (هٗ) અને તેનો ઉચ્ચાર બે હરકત જેટલુ ખેંચીને કરવામાં આવે છે તેથી તેને' વાવે મદ્દી' કહે છે. અને આ નિશાની હંમેશા ( ه ) 'હા' ઉપરજ આવશે તેમજ ( ء ) 'હમઝા'( و ) અને વાવ ઉપર આવશે. આ ત્રણ હરફ સિવાય કોઈ હરફ ઉપર 'વાવેમદ્દી' ની નિશાની નહીં આવે.

نُوۡرُهٗ - دَاوٗدُ - مَوۡءٗدَةُ

## યાએ મદી (ـــِ) یائ مدّی

(ـــِ) આ નિશાનીને‘ યાએ મદી’ કહેછે તેનો ઉપયોગ

(ی ـــِ) ‘ યા’ અને‘ ઝેર’ના બદલે થાય છે જેમકે هِیٰ = هِ

અને તેનો ઉચ્ચાર બે હરકત જેટલુ ખેંચી ને કરવામાં આવે છે તેથી

તેને ‘યાએ મદી ’ કહેછે.અને આ નિશાની હંમેશા (ہ) ‘હા’)

( ی યા અને ( ا ـ ء ) હમઝા નેજ લાગશે. દા.ત.

سَبِیْلِهٖ ـ یُحْیِ ـ اِلٰفِهِمْ

આ ત્રણ સિવાય કોઈ હરફ ને આ નિશાની નહીં લાગે ફકત એક

જગ્યાએ ‘સુરએ હૂદ’ આયત નં.૪૧ માં આ રીતે છે.

مَجْرِ ٖهَا અહીં ‘મજરીહા’ નહીં પણ અહીં

‘મજરેહા’ પડવામાં આવશે.

## (૨) સુકૂન :-(جزم) سکون (۲)

સુકૂન એટલે ખામોશી. જઝમ (ـْـ) ની આ નિશાનીને

'સુકૂન' પણ કહે છે. જઝમવાળા અક્ષરને 'મજઝૂમ' (مجزوم)

પણ કહે છે. 'સુકૂન' વાળા અક્ષરનો કોઈ સ્વતંત્ર ઉચ્ચાર નથી.

તેથી તેને 'સાકિન'(ساکن) કહે છે. (ખફીફ) (خفیف) ની

(خـ) ઉપર થી( ْ ) જઝમ ની નિશાની બની. ખફીફ એટલે નરમી

## (૩) તશદીદ: ( ّ ) تشديد (٣)

ઉપર દર્શાવેલ નિશાની ને તશદીદ કહે છે. તેનો ઉપયોગ બે અક્ષરને જોડવામાટે થાય છે. તેથી જે અક્ષર ઉપર તશદીદ હોય તે અક્ષરને તેની પહેલાના અક્ષર સાથે જોડીને તેમજ બેવડાવીને ઉચ્ચારવામાં આવે છે. જેમકે قَدَّمَ કદદમ જે હકીકત માં قَدْدَمَ હતુ. તેના પહેલા દાલ ને મુદગમ કરી ને(બીજા દાલ માં મેળવી ને ) તશદીદ ની નિશાની લગાડવામાં આવી. તશદીદ વાળા અક્ષર ને શિદદતથી (બેવડાવીને) ઉચ્ચારવામાં આવે છે. شدّت ની شـ ઉપર થી તશદીદ ની નિશાની બની. તશદીદ વાળા અક્ષરને 'મુશદદદ' مشدّد કહે છે.

## (૪) તન્વીન تنوين (٤)

(ـٌ ـً ـٍ) આ નિશાનીઓને 'તનવીન ' કહે છે. જેને અરબીમાં આ પ્રમાણે કહેછે

(١). તનવીને ફત્હ (ـً) (تنوينِ فتحه)

(٢). તનવીને કસ્રહ (ـٍ) (تنوين كسره)

(٣). તનવીને ઝમ્મહ (ـٌ) (تنوين ضمّه)

તન્વીન 'નૂન'નો અવાઝ આપે છે. તેને 'નૂને ઝાએદ' પણ કહે છે. 'તન્વીન' શબ્દના છેલ્લા અક્ષરને જ લાગશે. સામાન્ય રીતે અરબીમાં ઈસ્મ(નામ) ને અંતે તન્વીન હોય છે. જેવી રીતે કે અંગ્રેજીમાં 'a' અને 'an' આર્ટિકલ હોય છે.જેમકેઃ

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | A boy | છોકરો | وَلَدٌ | વલદુન |
| ૨. | An apple | સફરજન | تُفَّاحٌ | તુફ્ફાહુન |

**(૫) મદ ( ~ ) مد (٥)**

❖ મદ એટલે લંબાવવુ . જે અક્ષર પર મદ લાગેલ હોય તેનો અવાઝ લંબાવવામાં આવશે. મદના પ્રકારો આગળ <u>**સબક નં. ૯**</u> માં આવશે.

**(૬) વસ્લ (صـ) وصل (٦)**

❖ વસ્લ એટલે મેળવવુ, મેળવીને પડવુ. વસ્લની આ નિશાની ( ٱ ) અલિફ ઉપર લાગે છે. જેને 'હમ્ઝાએ વસ્લ' કહે છે. બે શબ્દની વચ્ચે આવતા ખાલી અલિફને 'હમ્ઝાએ વસ્લ' કહે છે. જેનો ઉચ્ચાર નથી હોતો. જેમકેઃ

بِالْعِلْمِ تَكُوْنُ الْحَيَاةُ

બિલ ઈલ્મે તકૂનુલ હયાહ

**(૭) કત્અ (ء) قطع (٧)**

❖ 'કત્અ' એટલે કાપવું કે તોડવું. કત્અ(ء)ની આ નિશાની અલિફની ઉપર તેમજ નીચે લાગે છે. કત્અ લાગવાથી

અલિફ હમ્ઝા બને છે. જેને 'હમ્ઝાએ કત્અ' કહે છે. આ નિશાની 'હમ્ઝાએ વસ્લ'ને હરકત આપવા માટે મૂકવામાં આવે છે.

જેમકે: عَاقِبَةُ ٱلدَّارِ આકેબતુદદારે

આ શબ્દમાં અલિફ સાકિન(હમ્ઝા એ વસ્લ) છે. જેનો ઉચ્ચાર થતો નથી. તેને હરકત આપવા માટે કત્અ (ء)ની નિશાની મૂકવામાં આવે છે. તેનો ઉચ્ચાર પણ થશે.

અ ાકેબહ – અદદારે

عَاقِبَةُ أَلدَّارِ

| | |
|---|---|
| رَبَّنَا إِغْفِرْ | ૧) رَبَّنَا ٱغْفِرْ |
| રબ્બના ઈગ્ફિર | રબ્બનગ્ફિર |
| قَالُوا أُدْخُلُوا | ૨) قَالُوا ٱدْخُلُوا |
| કાલૂ ઉદખોલૂ | કાલૂદખોલૂ |

'વસ્લ' અને' કત્અ' આ બે નિશાનીઓ 'રસ્મુલ ઉસ્માની' (ઉસ્માની લિપિ) માં પ્રિન્ટ થયેલા કુરઆને મજીદમાં હોય છે તેમજ દુઆઓની અમુક કિતાબોમાં પણ હોય છે.

اَلا لَا خَيرَ فِى قِرَائَةٍ لَيسَ فِيهَا تَدَبُّرٌ

તે કિરાઅત માં કોઇ ભલાઇ નથી જેમાં ચિંતન અને મનન ન હોય.

(હ.અલી અ.સ.)

## સબક ૫: ઈદગામ (٥) ادغام

ઈદગામ એટલે મેળવવું, ભળી જવું. એટલે કે કોઈ સાકિન(જઝમવાળા) અક્ષરને 'હઝફ' (અધ્યાર / શાંત) કરીને તેની પછી આવેલા 'મુતહરિરક' (નિશાનીવાળા) અક્ષરને તશદીદ લગાડીને તેની સાથે મેળવી દેવો.

જે અક્ષરને હઝફ( શાંત) કરીને પછીના અક્ષર સાથે મેળવી દીધો હોય તે અક્ષરને 'મુદગમ' કહે છે, અને પછીના અક્ષરને જેમાં ઈદગામ થવાથી મુશદદદ થયો હોય તેને 'મુદગમ ફીહ' કહે છે.

وَجَدْ تُمْ = وَجَدْ تُّمْ .

ઉપરના શબ્દમાં દાલ (د) નો તે(ت) માં ઈદગામ થયો છે. તેથી દાલ (د) 'મુદગમ' ગણાશે અને તે (ت) ઈદગામ ના કારણે મુશદદદ થવાથી 'મુદગમ ફીહ' કહેવાશે. 'મુદગમ' (દાલد) નો ઉચ્ચાર નહી થતા તે 'વજત્તુમ' પડાશે.

☆ **'ઈદગામ'ના ત્રણ પ્રકાર છે.**

[૧] મુતમાસિલૈન (હમ મિસ્લ –ના જેવો )

**متماثلين (١)**

[૨] મુતજાનિસૈન (હમ જિન્સ–હમ મખ્રજ )

**متجانسين (٢)**

[૩] મુતકારિબૈન ( કરીબુલ મખ્રજ .)

**متقاربين (٣)**

### ૧) મુતમાસિલૈન ( متماثلين) (١)

બે સરખા અક્ષરના ઈદગામને 'મુતમાસિલૈન' કહે છે. (હમ મિસ્લ)

(ن-ن) (س-س) (د-د) (ع-ع) (م - م)

(ل-ل) (ك-ك)

يُدْرِكْكُم يُدْرِكُّمْ كَمْ مِنْ كَمْ مِّنْ

مِنْ نَاصِرِيْنَ مِنْ نَّاصِرِيْنَ

قَدْ دَخَلُوْا قَدْ دَّخَلُوْا قُلْ لَا قُلْ لَّا

(હંમેશા 'મુશદદદ'(તશદીદવાળા) નૂન(نّ) ને બે હરકત જેટલુ લંબાવવામાં આવે છે.)

૨) મુતજાનિસૈન متجانثين (٢)

સરખા મખ્રજ વાળા અક્ષરના ઈદગામને 'ઈદગામે મુતજાનિસૈન' કહે છે.(હમજીન્સ હમ મખ્રજ) દા.ત.

(દત) عَبَدْتُّمْ (૧) અબત્તુમ

(ت د) اُجِيْبَتْ دَّعْوَتَكُمَا

(૨) ઓજીબદ દઅવત કોમા

(ت ط) قَالَتْ طَّآئِفَةٌ

(૩) કાલતતાએફતુન

(ط ت) بَسَطْتَّ (٤) બસત્ત

(ذ ظ) اِذْ ظَّلَمُوْا (٥) ઈઝઝલમૂ

(ث ذ) يَهۡلَثۡ ذّٰلِكَ (٦) યહલઝઝાલેક

(ب م) اِرۡكَبۡ مَّعَنَا (٧) ઈરકમ્મઅના

## (٣) متقاربين ૩) મુતકારિબૈન

જે અક્ષરના મખ્રજ આજુબાજુમાં હોય (જેના ઉચ્ચારની જગ્યા આજુબાજુમાં હોય) એવા અક્ષરોના ઈદગામને 'મુતકારિબૈન' કહે છે. (કરીબુલ મખ્રજ)

(ل - ر) بَلۡ رَّبُّكُمۡ બરરબ્બોકુમ

قُلۡ رَّبِ કુરરબ્બે

(ق - ك) اَلَمۡ نَخۡلُقكُّمۡ અલમ ન ખ્લુકકુમ

ઈસ્તિસ્ના ( અપવાદ):

કુરઆને મજીદમાં એક જગ્યાએ ل નું ر માં ઈદગામ નહીં થાય

સૂ. અલ મૂતફફેકીન : આયત નં. ૧૪

كَلَّا بَلۡ سكته رَانَ عَلٰى قُلُوۡبِهِمۡ

---

اِنَّ الۡقُرۡاٰنَ ظَاهِرُهٗ اَنِيۡقٌ
وَ بَاطِنُهٗ عَمِيۡقٌ

કુરઆનનું બાહ્ય(ઝાહિર) ખુબસૂરત અને તેનું અંતઃકરણ(બાતિન) ગૂઢ અને ઉંડું છે.

હ. અલી(અ.સ.)

## સબક ૬: સાકિન (જઝમવાળા) નૂન અને તન્વીનનાનિયમો

## (٦) احکام نـون ساکنـه و تـنويـن

સાકિન નૂન કે તનવીનનો ઉચ્ચાર કયારે અને કઈ રીતે કરવામાં આવે છે તે માટેના ચાર નિયમો છે.

| | | |
|---|---|---|
| ૧. ઈઝહાર | (اِظهار) | (ઝાહિર, સ્પષ્ટ) |
| ૨. ઈદગામ | (اِدغام) | (મેળવવુ, ભળી જવુ) |
| ૩. ઈકલાબ | (اِقلاب) | (બદલાઈ જવું) |
| ૪. ઈખ્ફા | (اِخفاء) | (છુપુ રાખવું) |

**૧) ઈઝહાર (ઝાહિર, સ્પષ્ટ)** (١) اِظهار

'હુરૂફે હલ્કી'( ء هـ ع ح غ خ) પહેલા જો સાકિન 'નૂન' કે 'તન્વીન' હોય તો 'નૂન'નો 'ઈઝહાર' થશે. એટલે કે નૂનનો સ્પષ્ટ રીતે ઉચ્ચાર થશે. આ સાકિન 'નૂન'ને 'નૂને મુઝહર' (સ્પષ્ટ રીતે બોલાય તેવો નૂન)કહે છે.

**<u>ઉદાહરણ :</u>**

| | | |
|---|---|---|
| ૧) | (ء) | يَنْاَوْنَ |
| ૨) | (ه) | مِنْهُمْ |
| ૩) | (ع) | اَنْعَمْتَ |
| ૪) | (خ) | مِنْ خَيْرٍ |
| ૫) | (ح) | تَنْحِتُوْنَ |
| ૬) | (غ) | قَوْلًا غَيْرَ |

## ૨. ઈદગામ( મેળવવું, ભળી જવું ) ادغام (٢)

સાકિન નૂન (જઝમવાળા નૂન) કે તનવીન પછી 'હુરૂફે યરમલૂન'(ی ر م ل و ن) માંથી કોઈ પણ એક અક્ષર હોય તો 'નૂન' નો ઈદગામ થશે. તેના બે પ્રકાર છે :

૧. ઈદગામ ગુન્ના ૨. ઈદગામ બિલાગુન્ના

### ૧. ઈદગામ ગુન્ના: ( ادغام غنه ) (١)

તનવીન કે સાકિન નૂન પછી જો (ی-م-و-ن) આ ચાર અક્ષરમાંથી કોઈ એક અક્ષર હોય તો સાકિન(જઝમવાળા) નૂનનો અવાજ બિલકુલ ખતમ નહીં થાય, પણ તેનો નાકમાંથી અવાજ નિકળશે. તેને ગુન્ના કહે છે. નાકમાંથી પડાતા 'નૂન'ને 'નૂને ગુન્ના' કહે છે.

<u>ઉદાહરણ :</u>

૧. મંય્યકૂલો مَنْ يَّقُوْلُ

૨. શરરંય્યરહૂ شَرًّ يَّرَهٗ

૩. મિમ્મિસ્લેહી مِنْ مِّثْلِه

૪ તન્ઝીલુમ્મિન تَنْزِيْلٌ مِّنْ

૫. મિસ્કીનંવ્વ યતીમંવ્વ અસીરા

مِسْكِيْنًا وَّ يَتِيْمًا وَّ اَسِيْرًا

૬. મિંવ્વરકે مِنْ وَّرَقٍ

૭. લન્નસ્બેર لَنْ نَّصْبِرَ

## ૨. ઈદગામ બિલા ગુન્ના: ادغام بلا غنه (۲)

સાકિન નૂન કે તનવીન પછી જો 'રા'(ر) કે 'લામ'(ل) હોય તો 'નૂન' નો ઈદગામ થશે તથા 'રા'(ر) કે 'લામ'(ل) ઉપર તશદીદ લાગી જશે.

**ઉદાહરણ :**

| | | |
|---|---|---|
| ૧. | મિરરબ્બેહી | مِنۡ رَّبِّهٖ |
| ૨. | મોહમ્મદુર રસૂલુલ્લાહ | مُحَمَّدٌ رَّسُوۡلُ اللّٰهِ |
| ૩. | વઈલ્લમ તફઅલ | وَاِنۡ لَّمۡ تَفۡعَلۡ |
| ૪. | રહમતલ્લિલ્આલમીન | رَحۡمَةً لِّلۡعَالَمِيۡنَ |

'હુરૂફે યરમલૂન' પહેલા આવતા સાકિન 'નૂન(ن) કે 'તનવીન' ના 'નૂન' નો ઈદગામ ત્યારે જ થશે કે જયારે શબ્દો અલગ – અલગ હોય. જો એક જ શબ્દમાં સાકિન 'નૂન' કે 'તનવીન' પછી 'હુરૂફે યરમલૂન' માંથી કોઈ એક અક્ષર હોય તો તેનો ઈદગામ નહીં થાય. **દા.ત. :**

| | | |
|---|---|---|
| ૧. | કિન્વાનો | قِنۡوَانٌ |
| ૨. | સિન્વાનો | صِنۡوَانٌ |
| ૩. | બુન્યાન | بُنۡيَانَ |
| ૪. | દુન્યા | دُنۡيَا |

### ૩. ઈકલાબ (બદલાઈ જવું) اقلاب (٣)

'ઈકલાબ' એટલે બદલાઈ જવું. એટલે કે નૂન(ن)ના ઉચ્ચારને મીમ(م)માં બદલવો. જે ફકત એક અક્ષર(ب)'બા'માં જ બદલાઈ જશે. સાકિન નૂન(نْ) કે તનવીન પછી 'બા'(ب) આવે તો 'નૂન'નો અવાજ 'મીમ'માં બદલાઈ જશે. તેથી ' બા ' ને હરફે કલ્બ પણ કહે છે. દા.ત.

| | | |
|---|---|---|
| ૧. | મિમ્ બઅદે | مِنْ بَعْدِ |
| ૨. | અમ્બિયાઓ | اَنْبِيَآءُ |
| ૩. | અલીમુમ્ બે ઝાતે | عَلِيْمٌ بِذَاتِ |
| ૪. | સમીઉમ્ બસીર | سَمِيْعٌ بَصِيْرٌ |

### ૪. ઈખ્ફા (મખ્ફી, છુપુ રાખવું) اخفاء (٤)

ઈખ્ફા એટલે છુપુ રાખવું. ૬ અક્ષર 'હુરૂફે હલ્કીના' + ૬ અક્ષર હુરૂફે યરમલૂન ના + ૧ અક્ષર હરફે કલ્બનો (બા ب) =૧૩ આ તેર અક્ષરો સિવાયના પંદર અક્ષરોની પહેલા સાકિન 'નૂન'(જઝમવાળો નૂન) કે તનવીન હોય તો 'નૂન'ના અવાજ પર બહુ ભાર ન મૂકતા તેનો ઉચ્ચાર 'મખ્ફી' ની રીતે કરવામાં આવે છે.(સ્પષ્ટ / ઈઝહારની રીતે નહી) તે પંદર અક્ષરો આ છે :–

ج ت ث د ذ ز س ش ص ك

ض ط ظ ف ق આ પંદર અક્ષરો પહેલા આવતા સાકિન નૂન(જઝમવાળા નૂન)ને 'નૂને મખ્ફી' કહેવાય છે.

# સબક ૭: સાકિન 'મીમ' ના નિયમો

## احکام میم ساکنه (۷)

_સાકિન મીમ(م) નો ઉચ્ચાર કયારે અને કઈ રીતે કરવો તેના ૩ નિયમો છે.

| | | |
|---|---|---|
| મેળવવુ | ઈદગામ | ادغام (۱) |
| છુપુ | ઈખ્ફા | اخفاء (۲) |
| ઝાહિર કરવું | ઈઝહાર | اظهار (۳) |

### ૧. ઈદગામ ادغام (۱)

☆ સાકિન (જઝમવાળા) 'મીમ' નો ફકત એકજ હરફ (م) 'મીમ' માં'ઈદગામ'થશે

كَمْ مِنْ ـ وَهُمْ مِنْهَا ـ لَهُمْ مُوسىٰ

અહીં સાકિન મીમ મુતહર્રિક (નિશાનીવાળા) 'મીમ' માં મુદગમ થશે તેથી મુતહરિરક મીમ પર તશ્દીદ લાગશે. તે 'ઈદગામે મુતમાસિલૈન'( સમાન અક્ષરવાળું ઈદગામ) છે.

| | |
|---|---|
| ૧) કમ્મિન | كَمْ مِّنْ |
| ૨) વહુમ્મિન્હા | وَهُمْ مِّنْهَا |
| ૩) લહુમ મૂસા | لَهُمْ مُّوسىٰ |

☆ ઈદગામ થયેલા સાકિન 'મીમ'ને 'મીમે મુદગમ' કહે છે. તેનો ઉચ્ચાર ગુન્નાની રીતે(નાકમાંથી) થશે અને તેને બે હરકત જેટલું લંબાવવામાં આવશે.

☆ હંમેશા 'મુશદદ'(તશદીદવાળા) 'મીમ' ને બે હરકત જેટલું લંબાવવામાં આવે છે.

## ૨. ઈખ્ફા (۲) اخفاء

સાકિન 'મીમ' ફકત એક જ અક્ષર બા (ب) માં ઈખ્ફા થશે. એટલે કે 'બા'ની પહેલા સાકિન 'મીમ' હોય તો તેનો અવાજ મખ્ફી (છુપો) રહેશે અને તેનો ઉચ્ચાર ગુન્નાની રીતે (નાકમાંથી) થશે અને તે 'મીમ'ને બે હરકત જેટલું લંબાવવામાં આવશે.

૧. અન્તુમ બેહી اَنۡتُمۡ بِهٖ

૨. વહુમ બારેઝૂન وَهُمۡ بَارِزُوۡنَ

૩. અન્નહુમ બાદૂન اَنَّ هُمۡ بَادُوۡنَ

☆ (ب) 'બા' પહેલા આવતા સાકિન 'મીમ' ને 'મીમે મખ્ફી' કહે છે.

## ૩. ઈઝહાર (۳) اظهار

'ઈદગામ' અને 'ઈખ્ફા' સિવાયના એટલે કે 'મીમ' અને 'બા' સિવાયના અક્ષરોની પહેલા સાકિન 'મીમ' હોય ત્યારે 'મીમ'નો અવાજ ઝાહિર–સ્પષ્ટ રીતે અદા થશે જેને 'મીમે મુઝહર' કહે છે.

---

اِقۡرَءُوا الۡقُرۡاٰنَ بِلُحُوۡنِ الۡعَرَبِ وَاَصۡوَاتِهَا

કુરઆનને અરબના લહેજા અને અવાજથી પઢો.

 હ. રસૂલેખુદા(સ.અ.વ.)

## સબક ૮: તફખીમ અને તરકીક

## (٨) تفخيم و ترقيق

(૧) **تفخيم** 'તફખીમ' એટબુઝુગી,અઝમતવાળું .
એટલે જાડો અને ભારે અવાજ.

(૨) **ترقيق** 'તરકીક' એટલે હળવું નાઝુક
એટલે કે હલકો અને પાતળો અવાજ.

### (૧) તફખીમ (١) تفخيم

'હુરૂફે તફખીમ' સાત અક્ષરો છે :

ق غ ظ ط ض ص خ

આ સાત અક્ષરોને 'હુરૂફે ઈસ્તિઅલા' પણ કહે છે જેનો ઉલ્લેખ **સબક નં. ૨** માં આવી ગયેલ છે. આ સાત અક્ષરોનો અવાજ ભારે અને જાડો અદા કરવો અને જો 'અલિફે મદી' ની સાથે હોય તો વધારે ભારે.

☆ 'હુરૂફે તફખીમ' માં નીચે મુજબના ૩ અક્ષરોનો ઉચ્ચાર ઓછો ભારે.

١) قَالُوا (ق)

٢) اَنْغَا فِلاَتُ (غ)

٣) يَخَافَا (خ)

☆ આ ચાર અક્ષરો માં વધારે ભારે.

١) اَصَابَهَا (ص)

٢) قَضَاهَا (ض)

٣) اَطَاعُوْنَا (ط)

٤) ظَالِمُوْنَ (ظ)

## (૨) <u>રાએ તફખીમ</u> راء تفخيم (٢)

'હુરૂફે તફખીમ'ના સાત અક્ષરો ઉપરાંત અમુક સંજોગોમાં 'રા' (ر) અને 'લામ' (ل) નો અવાજ પણ 'તફખીમ'(ભારે) થાય છે. જેની અમુક શરતો નીચે મુજબ છે :

(૧) (ر) 'રા' ઉપર ઝબર કે પેશ હોય ત્યારે 'રા' નો અવાજ તફખીમ એટલે ભારે અદા કરવો. દા.ત.

رُوْحُ رُحَمَآءُ رَبِّ رَحْمٰنُ

(૨) 'રા' સાકિન رْ (જઝમવાળો) હોય પણ તેની પહેલાના અક્ષરને ઝબર કે પેશ હોય ત્યારે. 'રા' નો ઉચ્ચાર ભારે અવાજથી કરવામાં આવે છે.

સાકિન 'રા' પેહલા ઝબર :

يَرْضٰى وَانْحَرْ اَرْضٌ

સાકિન 'રા' પેહલા પેશ :

كُرْهًا قُرْاٰنٌ تُرْحَمُوْنَ

(૩)(ر)રા સાકિન હોય અને તેની પહેલાનો અક્ષર પણ સાકિન હોય ત્યારે 'રા' (ر) નો અવાજ 'તફખીમ' થશે પણ શરત એ છે કે બંને સાકિન(જઝમવાળા) અક્ષરની પહેલાના અક્ષરને ઝબર કે પેશ હોવો જોઈએ.

ઝબર    وَالْفَجْرِ   عَشْرٍ

પેશ    عُسْرٌ   يُسْرٌ

(વકફની હાલતમાં રા સાકિન થશે)

**<u>અપવાદ</u> :** 'રા' ની પહેલા 'યાએ લીન' હોય ત્યારે 'રા' નો ઉચ્ચાર તરકીક (હળવો) થશે.   દા.ત.

طَيْرُ    سَيْرُ    غَيْرُ    خَيْرُ

(૪) રા (ر) સાકિન હોય અને તેની પહેલા 'અલિફે મદદી' કે 'વાવે મદદી' હોય ત્યારે 'રા'નો અવાજ તફખખીમ (ભારે) થશે.(વકફ ની હાલતમાં રા સાકિનથશે)

نَارْ    اَبْصَارْ    نُوْرْ    غَفُوْرْ

(૫) સાકિન 'રા' (ر) ની પહેલાના અક્ષરને ઝેર હોય પણ તેની પછીનો અક્ષર 'હુરૂફે ઈસ્તિઅલા'(હુરૂફે તફખીમ)માંથી હોય ત્યારે 'રા'તફખીમ થશે.

مِرْصَادًا    اِرْصَادًا    قِرْطَاسٍ    فِرْقَةٍ

(૬)સાકિન રા ની પહેલા હમ્ઝએ વસ્લ હોય અને હમ્ઝએ વસ્લને કસ્રએ આરિઝ વડે કત્અ કર્યો હોય ત્યારે રાનો અવાજ તફખીમ થશે.

| | |
|---|---|
| لِمَنِ ارۡتَضٰى | તફખીમ નહીં થાય. |
| لِمَنۡ اِرۡتَضٰى | તફખીમ થશે. |
| رَبِّ ارۡحَمۡ | તફખીમ નહીં થાય. |
| رَبِّ اِرۡحَمۡ | તફખીમ થશે. |
| مُطۡمَئِنَّةُ ارۡجِعِىۡ | તફખીમ નહીં થાય. |
| مُطۡمَئِنَّةُ اِرۡجِعِىۡ | તફખીમ થશે. |

ઉપર દર્શાવેલ શરતોમાં 'રા'(ر)નો અવાજ તફખીમ(ભારે / જાડો) થશે. તેથી ઉપરોકત સંજોગોમાં આવતા 'રા'(ر) ને 'રાએ તફખીમ' કહે છે.

## 'રા' એ તરકીક راء ترقيق

☆ નીચે દર્શાવેલ સંજોગોમાં 'રા' નો ઉચ્ચાર / અવાજ તરકીક(હળવો –પાતળો) થશે.

(૧) رِ 'રા' મકસૂર હોય(ઝેરવાળો હોય) ત્યારે

اَمۡرِىۡ اَرِنَا رِيۡحُ رِجَالَ

(૨) (رۡ)'રા' સાકિન હોય અને તેની પહેલાનો અક્ષર મકસૂર(ઝેરવાળો) હોય ત્યારે

اِصۡبِرۡ رَبَّنَاغۡفِرۡلِىۡ

૩)  (رْ) સાકિન 'રા' ની પહેલાનો અક્ષર પણ સાકિન હોય અને તે બંને સાકિન અક્ષરોની પહેલા મકસૂર અક્ષર હોય ત્યારે દા.ત. سِحْرُ ذِكْرُ

(૪)  (رْ) સાકિન 'રા' ની પહેલા 'યાએ મદદી' હોય ત્યારે

عَسِيْرُ قَدِيْرُ يَسِيْرُ

તેમજ સાકિન 'રા' ની પહેલા 'યા એ લીન'(યા સાકિન હોય પણ સ્વર તરીકે ન) હોય ત્યારે

غَيْرُ سَيْرُ طَيْرُ خَيْرُ

## (ل) ‘લામ’ માં ‘તફખીમ’

૧. 'લામ' ફકત એકજ શબ્દમાં તફખીમ(જાડો) થશે. કલેમએ اَللّٰهُ 'અલ્લાહ'માં.

☆ શર્ત :– (اَللّٰهُ) 'અલ્લાહ' શબ્દની પહેલાનો અક્ષર મફતૂહ કે મઝમૂમ (ઝબર કે પેશવાળો) હોય ત્યારે 'લામ'નો અવાજ / ઉચ્ચાર ગલીઝ (ગુંચવાએલો) અને ભારે(જાડો) અદા કરવામાં આવશે. તેને 'લામે તફખીમ' અથવા 'લામે તગલીઝ' કહે છે.ઉદાહરણઃ

اَللّٰهُ ـ اِنَّ اللّٰهَ ـ وَلِلّٰهُ ـ يَدُاللّٰهِ ـ يَعْلَمُ اللّٰهُ

૨. 'લામ' ની પહેલા 'હુરૂફે ઈસ્તિઅલા'

غ خ ض ص ط ظ ق

માંથી કોઈપણ એક અક્ષર હોય ત્યારે 'લામ' નો ઉચ્ચાર 'તફખીમ'ની રીતે (ભારે અવાજથી) થશે.

ઉદાહરણ : مَطْلَعِ الْفَجْرُ

## (ل)'લામ' માં તરકીક

اَللّٰهُ'અલ્લાહ' શબ્દની પહેલાનો અક્ષર મકસૂર(ઝેરવાળો) હોય ત્યારે 'લામ' નો ઉચ્ચાર તરકીક(પાતળો) થશે.

ઉદાહરણ لِلّٰهِ بِسْمِ للّٰهِ بِا للّٰهِ

---

لَا يُعَذِّبُ اللّٰهُ قَلْبًا وَعَى الْقُرْاٰن

ખુદા એ દિલ પર કયારેય અઝાબ નહિં કરે જેમાં કુરઆન સુરક્ષિત હશે.

હ. રસૂલે ખુદા (સ.અ.વ.)

## સબક ૯:મદ અને કસ્ર مدّوقصر ٩

મદ એટલે ખેંચવુ. વધારવું , લંબાવવું,

કસ્ર એ મદ ની વિરૂધ્ધ નું છે. એટલે હરકત ના પ્રમાણ થી સ્વર ને વધારે લંબાવવો નહીં.

એક કસ્ર = બે હરકત(નિશાની) જેટલો ઉચ્ચાર કરવામાં આવે છે.

### قصر 'કસ્ર' ની અદાએગી

૧. અલિફ પહેલા ફત્હા = جَا = જ+અ+અ = જા

૨. વાવ પહેલા ઝમ્મહ = جُو = જ+ઉ+ઉ = જૂ

૩. યા પહેલા કસ્રહ = جِى = જ+ઈ+ઈ = જી

ઉપરના ઉદાહરણો માં કસ્ર ની રીતે( બે હરકત જેટલું લંબાવીને) પડવામાં આવે છે.

હાથની મુટ્ટી બંધ કરીને એક આંગળી ખોલવામાં જેટલો સમય લાગે તેને એક હરકત કહે છે.

### મદ ( ˜ ) مد

- હુરૂફે મદ ત્રણ છે. ( ى و ا ) આત્રણ હરફ (અક્ષર) ઉપર જ મદ લાગે છે તેથી આ અક્ષરો ને ‘હુરૂફે મદ’ કહે છે.
- સબબે મદ બે છે. ( ء ـْ ) હમઝા અને સુકૂન /તશદીદ. મદ બે કારણો સર લાગે છે, તેથી ‘હમઝા’ અને ' સુકૂન' સબબે મદ છે.

(તશદીદ ના કારણે પણ મદ લાગે છે કારણ કે તશદીદ વાળો હરફ પણ પહેલા તો સાકિનજ હોય છે.

જેમકે : ( اَبْ بَ ـ اَبَّ )

❖ મદ ની મુખ્ય બે ઝાત છે

(૧)મદે અસલી (મદે તબઈ) مد اصلی (مد تبیعی)

(૨)મદે ગૈરે અસલી (મદે ફરઈ) مد غیر اصلی (مدفرعی)

## ૧. <u>મદ્દે અસલી</u> مد اصلی (۱)

'મદ્દે અસલી' એ મદ છે જેમાં મદ નુ કોઈ કારણ હોતુ નથી (ا و ی) પોતે જ 'મદે ઝાતી' / 'મદે અસલી' છે.

| | | | |
|---|---|---|---|
| ا | પહેલા ઝબર | قَالَ | 'અલિફ' મદી છે . |
| و | પહેલા પેશ | یَقُوْلُ | 'વાવ' મદી છે . |
| ی | પહેલા ઝેર | قِیْلَ | 'યા' મદી છે . |

☆ ઉપરના શબ્દોને આગળ 'કસ્ર'માં સમજાવ્યા મુજબ બે હરકત જેટલુ ખેંચીને પડવું જોઈએ.

## ૨. <u>મદ્દે ગૈરે અસલી</u> مد غیر اصلی (۲)

❖ 'મદ્દે ગૈરે અસલી' બે કારણોસર લાગે છે.

૧. 'હરફે મદ' (ا و ی) પછી હમઝા કે અલિફ હોય

૨. 'હરફે મદ' (ا و ی) પછી સુકૂન(જઝમ કે તશદીદ) હોય

'મદ્દે ગૈરે અસલી'ના પાંચ પ્રકાર છે :

| | | |
|---|---|---|
| ૧. | મદ્દે મુત્તસિલ | مد متصل |
| ૨. | મદ્દે મુન્ફસિલ | مد منفصل |
| ૩. | મદ્દે લાઝિમ | مد لازم |
| ૪. | મદ્દે આરિઝ | مد عارض |
| ૫. | મદ્દે લીન | مد لين |

☆ 'હમ્ઝા' કે અલિફના કારણે લાગતા 'મદ્દે ગૈરે અસલી'ના બે પ્રકાર છે :

| | | |
|---|---|---|
| ૧. | મદ્દે મુત્તસિલ | مد متصل |
| ૨. | મદ્દે મુન્ફસિલ | مد منفصل |

☆ 'સુકૂન' (જઝમ)ના કારણે લાગતા 'મદ્દે ગૈરે અસલી'ના ત્રણ પ્રકાર છે

| | | |
|---|---|---|
| ૧) | મદ્દે લાઝિમ | مد لازم |
| ૨) | મદ્દે આરિઝ | مد عارز |
| ૩) | મદ્દે લીન | مد لين |

## ૧. <u>મદ્દે મુત્તસિલ</u> مدّ متصل (۱)

☆ 'મુત્તસિલ'નો શાબ્દિક અર્થ 'જોડાયેલા હોવું' થાય છે. 'મદ્દે મુત્તસિલ' જયારે એક જ શબ્દમાં 'હરફે મદ' અને 'સબબે મદ' બંને એક સાથે આવેલા હોય ત્યારે લાગે છે. એટલે કે જયારે 'હરફે મદ' ( ا و ی ) પછી હમઝા હોય અને શબ્દ એક જ હોય તો 'હરફે મદ'('મદ'વાળા અક્ષર) ઉપર લાગતા મદને 'મદ્દે મુત્તસિલ'(વાજિબ મુત્તસિલ) કહે છે.

<u>ઉદાહરણ :</u>

૧. 'હરફે મદ' (અલિફ) પછી હમઝા جَآءَ

૨. 'હરફે મદ' (વાવ) પછી હમઝા سُوٓءٌ

૩. 'હરફે મદ' (યા) પછી હમઝા خَطِيٓـئَـةٌ

આ મદને ૪ થી ૬ હરકત જેટલું ખેંચી શકાય છે.

## ૨. <u>મદ્દે મુન્ફસિલ</u> مد منفصل (۲)

☆ 'મુન્ફસિલ'નો શાબ્દિક અર્થ 'ફાસલો (અંતર) હોવો' એવો થાય છે. 'હરફે મદ' અને 'સબબે મદ' વચ્ચે અંતર હોય એટલે કે 'હરફે મદ' પછી હમઝા કે અલિફ હોય પણ શબ્દ અલગ–અલગ હોય ત્યારે 'હરફે મદ' ઉપર લાગતા મદને 'મદ્દે મુન્ફસિલ' કહે છે.

<u>ઉદાહરણ</u> :–

૧. હરફે મદ (અલિફ) પછી હમઝા (અલિફ) اِنَّآ اَنْزَلْنَا

૨. હરફે મદ (વાવ) પછી હમઝા(અલિફ) قَالُوٓا اِنَّا

૩. હરફે મદ (યા) પછી હમઝા (અલિફ) فِیٓ اَنْفُسِهِمْ

☆ આ મદને ૨ થી ૫ હરકત જેટલું ખેંચી શકાય છે.

## ૩) <u>મદ્દે લાઝિમ</u> مـدّ لازم (۳)

☆ કોઈપણ શબ્દમાં 'હરફે મદ' ( ا و ی )

પછી સુકૂન(જઝમ કે તશદીદ) હોય ત્યારે 'હરફે મદ' ( ا و ی )

ઉપર મદ લાગે છે તે 'મદ્દે લાઝિમ' છે. <u>ઉદાહરણ :</u>

| | | |
|---|---|---|
| ૧. | હરફે મદ(અલિફ) પછી સુકૂન(જઝમ) | آٰلْاٰنَ |
| ૨. | હરફે મદ(અલિફ) પછી (તશદીદ) | دَآبَّـةٍ |
| ૩. | હરફે મદ(વાવ) પછી (તશદીદ) | مُرُوٓنِّی |
| ૪. | હરફે મદ(યા) પછી સુકૂન | یٰسٓ (یَاسِیٓنْ) |
| ૫. | અલિફ પછી સુકૂન | الٓمٓ (اَلِفْ لَامْ مِیٓمْ) |

**'મદ્દે લાઝિમ'ના ચાર પ્રકાર છે.**

| | | |
|---|---|---|
| ૧) | મદ્દે લાઝિમ હરફી મુખફ્ફફ | نٓ-قٓ |
| ૨) | મદ્દે લાઝિમ હરફી મુસક્કલ | الٓمّٓ |
| ૩) | મદ્દે લાઝિમ કલમી મુખફ્ફફ | آٰلْ اٰنَ |
| ૪) | મદ્દે લાઝિમ કલમી મુસક્કલ | ضَآلِّیْنَ |

**૧) મદ્દે લાઝિમ હરફી મુખફ્ફફ**

**(١) مد لازم حرفی مخفف**

આ એ મદ છે જે 'હુરૂફે મુકત્તેઆત' ઉપર લાગે છે.

<u>ઉદાહરણ :</u>

૧) نٓ (نُـوٓنْ)

૨) قٓ (قَـآفْ)

ઉદાહરણ નં ૧ માં હરફે મદ' વાવ' પછી ' નૂન' સાકિન

હોવાથી 'વાવ' ઉપર.'મદ' લાગ્યો. ઉદાહરણ નં ૨ માં હરફે મદ 'અલિફ' પછી 'ફા' સાકિન હોવાથી 'અલિફ'ઉપર મદ લાગ્યો.

☆'મદ' હંમેશા સ્વર (ا ـ و ـ ی)ને જ લાગે છે.જે 'હુરૂફે મદ' છે.

☆સુકૂન(જઝમ)વાળા અક્ષર પર નરમીથી ઠહેરવાનું હોય છે. તેને ખફીફ(خفیف) કહે છે. બીજા 'નૂન' ઉપર નરમીથી ઠહેરવાનું હોય તેને નૂને મુખફ્ફફ' (مخفف) કહે છે. (نٓ) 'નૂન' અને ( قٓ ) 'કાફ'એ 'હુરૂફે મુકત્તેઆત' માંથી છે. તેથી આ મદને 'મદ્દે લાઝિમ હરફી મુખફ્ફફ' કહે છે.

**૨) મદ્દે લાઝિમ હરફી મુસક્કલ**

## (٢) مد لازم حرفی مثقل

١) الٓمّٓ (اَلِفْ لَامْ مِّیْمْ)

٢) طٰسٓمّٓ (طَا سِیْن مِّیْمْ)

☆ બન્ને ઉદાહરણો માં 'અલિફ ' પછી તેમજ 'યા' પછી તશદીદ હોવાથી મદ લાગ્યો,

☆ તશદીદ વાળા હરફ ને શિદ્દતથી ભાર દઈને અદા કરવા નો હોવાથી (مثقل) 'મુસક્કલ'કહે છે, અને તે હરફે મુકત્તેઆત છે તેથી આ મદને 'મદ્દે લાઝિમ હરફી મુસક્કલ'કહે છે.

**٣) મદ્દે લાઝિમ કલમી મુખફ્ફફ**

## (٣) مد لازم کلمی مخفف

ٰاَلْاٰنَ માં 'હરફે મદ'(અલિફ) પછી સુકૂન છે તેથી મદ લાગ્યો છે. અને (આલ્આન) એક શબ્દ છે. શબ્દને કલેમા કહે છે. તેથી આ મદને 'મદ્દે લઝિમ કલમી મુખફ્ફફ' કહે છે.

☆ (આલ આન) ફકત સૂરે યુનૂસમાં જ બે જગ્યાએ આવેલ છે. એ સિવાય કુરઆને મજીદમાં કોઈ જગ્યાએ નથી.

૬) મદ્દે લાઝિમ કલમી મુસકકલ

(٤) مد لازم كلمى مثقل

اَتُحَآجُّوٓنِّى ضَآلِّيْنَ

હરફે મદ પછી તશદીદ હોવાથી ઉપરના શબ્દોમાં મદ લાગ્યો છે. તેથી આ મદને 'મદ્દે લાઝિમ કલમી મુસકકલ' કહે છે.

'મદ્દે લાઝિમ' ના ચારેય પ્રકારના મદને ૬ કહરકત જેટલું ખેચવું જોઈએ.

## ૪. મદ્દે આરિઝ (٤) مد عارز

'મદ્દે આરિઝ' એ મદ છે જે 'હરફે મદ' પછી સુકૂનના કારણે લાગે છે. અને તે સુકૂન આરઝી એટલે કે વકતી હોય છે.( જો છેલ્લા હરફ ઉપર ઠહેરવુ હોયતો તે છેલ્લો હરફ સાકિન થઈ જાય છે.)

આયતમાં અટકતી વખતે શબ્દનો છેલ્લો અક્ષરસાકિન (જઝમવાળો) થઈ જાય છે.

عَـالَـمِـيْـنَo          مُـفْـلِـحُـوْنَo

અહિં ઠહેરતી વખતે આખરી નૂન સાકિન થઈ જાય છે અને તેની પહેલા 'હરફે મદ' 'યા' અને 'વાવ' હોવાથી મદ લાગશે.

ન ઠહેરવુ હોયતો મદ નહીં લાગે

عَـالَـمِـيْـنَ o          مُـفْـلِـحُـوْنَ o

## ૫. મદ્દે લીન   مـد لـيـن   (٥)

આ મદ બે અક્ષર ઉપર જ લાગે છે. و અને ى

و કે ى લીન હોય અને સુકૂન હોય તો લાગતા મદને 'મદ્દે લીન' કહે છે.

સાકિન 'વાવ' પહેલા ઝબર હોય તે વાવ 'વાવે લીન' છે.

સાકિન 'યા' પહેલા ઝબર હોય તે યા 'યાએ લીન' છે.

خَـوْفٌ માં વકફ કરતી વખતે(અટકતી વખતે) 'ફા' સાકિન થાય છે.

بَـيْـتٌ માં વકફ કરતી વખતે(અટકતી વખતે) 'તા' સાકિન થાય છે.'વાવ' અને 'યા' હરફે લીન છે. અને તે બંને પછી સુકૂન(જઝમવાળો અક્ષર) હોવાથી 'વાવ' અને 'યા' ઉપર મદ લાગશે.

كُلُّ نَـفْـسٍ ذَآئِـقَـةُ الْـمَوْتِo

كُلُّ نَـفْـسٍ ذَآ ئِـقَـةُ الْـمَوْتْ o

અહીં مَوْتْ ના و પર મદ લાગશે.

કુરઆને મજીદમાં 'મદ્દે આરિઝ' અને 'મદ્દે લીન' છપાએલા હોતા નથી. કારણ કે સુકૂન આરઝી(વકતી) હોય છે. જો વકફ ન કરવું

હોય(અટકીને ન પડવું હોય) તો શબ્દનો છેલ્લો અક્ષર સાકિન નહીં થાય અને તેથી મદ નહીં લાગે.

☆ મદ્દે લીન ફકત બે જ જગ્યાએ છપાએલો છે. તે 'હુરૂફે મુકત્તેઆત' હોવાથી તેનું સુકૂન(લાઝમી ) જરુરી છે તેથી. ( મદ્દે આરિઝ અને મદ્દે લીન પર ૬ હરકત જેટલું ખેંચી શકાય છે.)

૧.(સૂરે મરયમ) كٓهٰيٰعٓصٓ

૨.(સૂરે શૂરા) حٰمٓ عٓسٓقٓ

આબંનેમાં ઐન عَيۡنۡની 'યા' હરફે લીન છે. તેથી મદ લાગ્યો.

---

## સબક ૧૦ :હમ્ઝા એ વસ્લ ١٠ همزہ وصل

અરબીમાં કોઈપણ શબ્દ સાકિન કે મુશદ્દદ(જઝમ કે તશદીદવાળા) અક્ષરથી શરૂ થતો નથી. તેથી શબ્દની પહેલા એક હમ્ઝા (અલિફ) હોય છે. જે મુતહર્રિક(નિશાનીવાળો) હોય છે અને તે સાકિન અક્ષરને મેળવે(જોડે) છે. જેમ કે

اُنۡصُرۡ اِرۡحَمۡ

આ શબ્દની પહેલા કોઈ શબ્દ જોડાયેલો હોય તો હમ્ઝા(અલિફ) સાકિન બનશે, જેમ કે

رَبِّ انۡصُرۡ رَبِّ ارۡحَمۡ

આ સાકિન હમ્ઝા(અલિફ)ને 'હમ્ઝાએ વસ્લ' કહે છે અને મુતહર્રિક હમ્ઝા(અલિફ)ને 'હમ્ઝાએ કત્અ' કહે છે.

☆ **'હમ્ઝા–એ– વસ્લ'ને હરકત કેવી રીતે આપવી .**

કુરઆને મજીદમાં હમ્ઝાએ વસ્લ સાકિન હોય છે. જો તેની પહેલાના શબ્દ પર ઠહેરી જવું હોય તો હમ્ઝાએ વસ્લને (ઝેર–ઝબર–પેશ)માંથી કોઈપણ એક હરકત આપવી પડે છે. 'હમ્ઝાએ વસ્લ' ત્રણ પ્રકારના શબ્દની શરુઆતમાં લાગેલો હોય છે

١) **اسم** ઈસ્મ (નામ)

٢) **فعل** ફેઅલ (ક્રિયાપદ)

٣) **حرف** હર્ફ (નામયોગી અવયવ)

૧) <u>ઈસ્મ :</u> (١)اسم

'હમ્ઝાએ વસ્લ' ઈસ્મ(નામ)માં હંમેશા શરૂઆતમાં અને મકસૂર (ઝેરવાળો) હોય છે.

<u>**ઉદાહરણ :**</u>

મસીહુબ્ન મરયમ مَسِيحُ ابْنَ مَرْيَمْ

મસીહ ઈબ્ન મરયમ مَسِيحُ اِبْنَ مَرْيَمْ

આમ નીચે દર્શાવેલા કેટલાક 'ઈસ્મ' કુરઆને મજીદમાં છે.

اِبْنِ اِبْنَتَ اِمْرَءَ اِمْرَاَتَ اِسْمِ

اِثْنَا (اِثْنَیْ) اِثْنَانِ (اِثْنَيْنِ)

اِثْنَتَا (اِثْنَتَیْ) اِثْنَتَيْنِ

## ૨)    **ફેઅલ :**    فعل (۲)

ફેઅલ(ક્રિયાપદ)માં 'હમ્ઝાએ વસ્લ' પછીના ત્રીજા અક્ષરને જે હરકત (નિશાની) હોય તેજ નિશાની 'હમ્ઝાએ વસ્લ'ને આપવામાં આવે છે.દા. ત.

| | | |
|---|---|---|
| ૧) | રબ્બનગ્ફિર | رَبَّـنَا اغْـفِرْ |
| | રબ્બના ઈગ્ફિર | رَبَّـنَا اِغْـفِرْ |
| ૨) | કાલત્તકૂલ્લાહ | قَالَ اتَّـقُـوْاللّٰهَ |
| | કાલ ઈત્તકૂલ્લાહ | قَالَ اِتَّـقُـوْاللّٰهَ |

'હમ્ઝાએ વસ્લ' પછીનો (બીજો અક્ષર સાકિન હોય છે.ત્રીજો અક્ષર મફતૂહ કે મકસૂર(ઝબર કે ઝેરવાળો) હોય તો 'હમ્ઝાએ વસ્લ' મકસૂર(ઝેરવાળો) થશે.

ત્રીજો અક્ષર જો મઝમૂમ(પેશવાળો) હોય તો 'હમ્ઝાએ વસ્લ' મઝમૂમ થશે.

| | |
|---|---|
| રબ્બિન્સુરની | رَبِّ انْـصُـرْنِـىْ |
| રબ્બે ઉન્સુરની | رَبِّ اُنْـصُـرْنِـىْ |

☆ કુરઆને મજીદમાં પાંચ શબ્દો જે ફેઅલ (ક્રિયાપદ) છે અને તેનો ત્રીજો અક્ષર મઝમૂમ(પેશવાળો) છે. છતાં 'હમ્ઝા–એ–વસ્લ'ને ઝેર લગાડીને પડવામાં આવે છે.

૧) ઈકઝૂ اِقْضُوْا

૨) ઈબ્નૂ اِبْنُوْا

૩) ઈઅતૂ اِئْتُوْا

૪) ઈમ્શૂ اِمْشُوْا

૫) ઈમ્ઝૂ اِمْضُوْا

ઉપરના શબ્દો જો કે અસ્લ માં નીચે મુજબ હતા. જેમાં ત્રીજો અક્ષર મકસૂર (ઝેર વાળો) છે. તેથી હમ્ઝા એ વસ્લ ને ઝેર લાગ્યો છે.

૧) ઈકઝેયૂ اِقْضِيُوْا

૨) ઈમ્શેયૂ اِمْشِيُوْا

૩) ઈઅતેયૂ اِئْتِيُوْا

૪) ઈબ્નેયૂ اِبْنِيُوْا

૫) ઈમ્ઝેયૂ اِمْضِيُوْا

## ૩) હરફ : حرف (٣)

કુરઆને મજીદમાં જે શબ્દમાં 'હરફે તઅરીફ' એટલે કે 'અલ' (اَلْ) હોય તેનો અલિફ હંમેશા મફતૂહ (ઝબરવાળો) રહેશે.

## شَهۡرُ رَمَضَانَ الَّذِیۡٓ اُنۡزِلَ

૧ શહરો રમઝાનલ્લઝી ઉન્ઝેલ

شَهۡرُ رَمَضَانَ اَلَّذِیۡٓ اُنۡزِلَ

શહરો રમઝાન અલ્લઝી ઉન્ઝેલ

૨) اَللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ اَلۡحَیُّ الۡقَیُّوۡمُ

અલ્લાહો લા એલાહ ઈલ્લા હોવલ હય્યુલ કય્યુમ.

اَللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ ج اَلۡحَیُّ الۡقَیُّوۡمُ

અલ્લાહો લા એલાહ ઈલ્લા હૂ અલ હય્યુલ કય્યુમ.

☆ ઉપરોકત વાકયો ઠહેરયા વગર અને ઠહેરીને એમ બંને રીતે પડી શકાય છે.

**'હમ્ઝા–એ–વસ્લ' પહેલા તનવીન (નૂને કુત્ની)**

'હમ્ઝા–એ–વસ્લ' પહેલા તનવીન હોય તો તનવીન ના 'નૂન' ને ઝેર લગાડીને પડવામાં આવશે. જેને 'નૂને કુત્ની' કહે છે.

نُوۡحٌ اِبۡنَهٗ = نُوۡحُ نِ ابۡنَهٗ

આમ, 'નૂને કુત્ની' એ તનવીનનો સાકિન નૂન છે. અને પછીના શબ્દનો 'હમ્ઝાએ વસ્લ' પણ સાકિન છે. તેથી બે સાકિન ભેગા થવાથી હરકત ઉભી કરવા માટે તનવીનના સાકિન 'નૂન' ને ઝેર લાગે છે. તનવીનની એક હરકત નિકળી જાય છે.

عَرَضًا اَلَّذِیۡ — عَرَضَا نِ الَّذِیۡ

شَیۡـًٔا اِتَّخَذَ — شَیۡـًٔا نِ اتَّخَذَ

## સબક૧૧:'હા' ના પ્રકાર (۱۱) اقسام هاء

કુરઆને મજીદમાં શબ્દને અંતે 'હા' (ه) આવે છે. તેના ત્રણ પ્રકાર છે.

| | |
|---|---|
| ૧)હા–એ–ઝમીર | هاء ضمير |
| ૨)હા–એ–સુકુત–સકત | هاء سكت |
| ૩)હા–એ–જૌહરી(ઝાતી) | هاء جوهرى |

### ૧) હા–એ–ઝમીર : (۱) هاء ضمير

ઝમીર એટલે સર્વનામ. 'નામ'ને બદલે વપરાતા શબ્દને સર્વનામ કહે છે. અને‘ હાએ ઝમીર’ ત્રીજા પુરૂષ એકવચન માટે વપરાય છે.દા.ત.

| | | |
|---|---|---|
| (૧) | તેનું ઘર | بَيْتُهٗ |
| (૨) | તેના ઘરમાં | فِىْ بَيْتِهٖ |
| (૩) | તેનીતરફ | اِلَيْهِ |
| (૪) | તેમાં થી | مِنْهُ |
| (૫) | તેની કિતાબ | كِتَابُهٗ |
| (૬) | તેની કિતાબમાંથી | مِنْ كِتَابِهٖ |

હા–એ–ઝમીર હંમેશા મઝમૂમ(પેશવાળો) કે મકસૂર (ઝેરવાળો) હોય છે. તે કયારેય પણ મફતૂહ(ઝબર વાળો) નહીં હોય.

હા–એ–ઝમીર માં **اشباع** – ઈશબાઅ :–

ઈશબાઅ એટલે પેશ ને 'વાવ' (و) ની અવાઝમાં અને ઝેર ને 'યા' (ى) ની અવાઝમાં પડવુ તેને 'ઈશબાઅ' કહે છે.દા.ત.

هِیٖ = ہِ (હી)

ઝેર માં 'ઈશબાઅ' ની નિશાની યાએ મદી છે. (ـٖ)

(هُوٗ) = ہٗ (હૂ)

પેશ માં 'ઈશબાઅ' ની નિશાની વાવે મદી છે. (ـٗ)

☆ **'ઈશબાઅ' ની શરતો** **شرا ئط اشباع**

1) હા–એ–ઝમીરની પહેલાનો અક્ષર મુતહરિરક હોય(ઝબર કે પેશ હોય) તો હા–એ ઝમીર ઈશબાઅ થશે વાવે મદી (ـٗ) ની નિશાની લાગશે.

**مَآ اٰتٰهُمُ اللّٰهُ وَرَسُوْلُهٗ**

**مَنْ يُّحَادِ دِاللّٰهَ وَرَسُوْلَهٗ**

'હા–એ–ઝમીર'ની પહેલાના અક્ષરને ઝેર લાગેલો હોય તો તેને યાએમદી ની ( ـٖ ) નિશાની લાગશે.

**كُلٌّ اٰمَنَ بِاللّٰهِ وَمَلٰٓئِكَتِهٖ وَكُتُبِهٖ وَرُسُلِهٖ**

૨) હા–એ–ઝમીરની પહેલાનો અક્ષર સાકિન હોય તો ઈશ્બાઅ નહીં થાય (પેશ અથવા ઝેર લાગશે.)

اِلَيْهِ ـ لَدَيْهِ ـ مِنْهُ ـ اَنْزَلْنَاهُ ـ نَصَرُوْهُ

૩) હા–એ–ઝમીરની પછીના શબ્દનો પહેલો અક્ષર સાકિન હશે તો ઈશબાઅ નહી થાય.

لَهُ اتَّقِ اللّٰهَ ـ دُوْنِهِ الْبَاطِلُ ـ اِلَيْهِ الْمَصِيْرُ

## અપવાદ : استثنائات

(૧) કુરઆને મજીદ માં ત્રણ જગ્યાએ હા–એ–ઝમીર સાકિન છે.

☆ સૂ. શોઅરા – ૩૬ اَرْجِهْ

☆ સુ. અઅરાફ – ૧૧૧ اَرْجِهْ

☆ સુ. નમ્લ – ૨૮ فَاَلْقِهْ

૨) હા–એ–ઝમીરની પહેલાનો અને પછીનો અક્ષર મુતહર્રિક (નિશાનીવાળો) હોવા છતા 'ઈશ્બાઅ' નહીં થાય.

☆ સૂ. ઝુમ્ર – ૭ يَرْضَهُ لَكُمْ

૩) હા–એ–ઝમીરની પહેલાનો 'યા' સાકિન હોવા છતા ઈશ્બાઅ થશે. તે 'યા–એ–મદ્દી' માં પડવામાં આવશે.

☆ સૂ. ફુરકાન – ૬૯ وَيَخْلُدْ فِيْهٖ مُهَانًا

## ૨) હા–એ–સુકુત (۲) هاء سكت(ه)

'હા–એ–સુકુત' શબ્દને અંતે આવે છે. તે શબ્દનો ભાગ નથી તેમજ તેનો કોઈ અર્થ પણ નથી. અને તે વકફ(અટકવા)ની તાકીદ માટે હોય છે. તે આયત પુરી થાય ત્યારે આવે છે.

١) સૂ. બકરહ–૨૫૯ لَمْ يَتَسَنَّهْ

٢) સૂ. અનઆમ–૯૦ فَبِهُدٰ ىهُمُ اقْتَدِهْ

٣) સૂ. હાકકહ –૨૦, ૨૬ حِسَابِيَهْ

٤) સૂ. હાકકહ –૨૯ سُلْطَانِيَهْ

٥) સૂ. હાકકહ–૨૫, ૧૯ كِتَابِيَهْ

٦) સૂ. હાકકહ–૨૮ مَالِيَهْ

٧) સૂ. કારેઅહ–૧૦ مَاهِيَهْ

## ૩)હા–એ–જૌહરી (ઝાતી) (۳) هاء جوهرى

'હા' એક અક્ષર છે. જે શબ્દનો જ ભાગ છે. તેથી તેને

'ઝાતી' અથવા 'જૌહરી' કહે છે, જેમકે اَللّٰهُ માં 'હા' (ه) '

અલ્લાહ' શબ્દનો એક ભાગ છે.

اَللّٰهُ ـ نَفْقَهُ ـ فَوَاكِهُ ـ يَنْتَهِ ـ اِلٰـهُ ـ هٰذِهٖ

تَنْتَهِ - وَجْهُ - وُجُوْهُ ۙ - كَرِهَ - شُبِّهَ - سَفِهَ

'હા–એ–જૌહરી' ને કોઈ પણ હરકત(નિશાની) આવી શકે છે. (ઝબર / ઝેર / પેશ / તનવીન) તેમજ તે 'ઈશ્બાઅ' પણ નહીં થાય. તે ફકત એક જ જગ્યાએ 'હાઝેહી' શબ્દમાં 'યા–એ–મદી'માં 'ઈશ્બાઅ' થશે. هٰذِهٖ

---

## સબક ૧૨: ઈમાલા ١٢ اِمالـه

'ઈમાલા' નો શાબ્દિક અર્થ જુકાવી દેવું એવો થાય છે. અરબી ભાષામાં 'ઈમાલા' એટલે 'અલિફે મદી'ને 'યા–એ મદી'ની તરફ જુકાવી દેવું અને તે અલિફને કસ્રહ (ઝેર)ની અવાજમાં પડવું.

☆ ઈમાલા કુરઆનમાં ફકત એક જ જગ્યાએ જોવા મળે છે :

સૂરએ હૂદ : આયત નં. ૪૧ માં મૂળ શબ્દ مَجْرِيهَا હતો પરંતુ 'ઈમાલા' ના કારણે તેને مَجْرٖىهَا પડવામાં આવશે. આમ, તેનો ઉચ્ચાર 'મજરીહા' નહીં પણ 'મજરેહા' થશે.

---

لِكُلِّ شَيْءٍ حِلْيَةٌ وَحِلْيَةُ الْقُرْاٰنِ الصَّوْتُ الْحَسَن

દરકે ચીજની શોભા હોય છે. કુરઆની શોભા સારા અવાજમાં તિલાવત કરવી એછે. હ. રસૂલેખુદા (સ.અ.વ.)

## સબક ૧૩: વકફની રીત (۱۳) طرق وقف

(૧) વકફ એટલે ઠહેરી જવું. આયત પૂરી થતા શબ્દના છેલ્લા અક્ષર ઉપર ઠહેરવા માટેની ત્રણ રીત છે.

૧. વકફે ઈસકાન — (۱) وقف اسكان

૨. વકફે ઈબ્દાલ — (۲) وقف ابدال

૩. વકફ બિદૂને તગય્યુર — (۳) وقف بدون تغير

### ૧) વકફે ઈસ્કાન (۱) وقف اسكان

ઠહેરતી વખતે શબ્દના છેલ્લા અક્ષરને સાકિન (જઝમવાળો) કરી દેવો દા.ત.

૧. રબ્બિલ આલમીન رَبِّ الْعَالَمِيْنَ

૨. લા એલાહ ઈલ્લા હૂ لَآ اِلٰـهَ اِلَّا هُـوَ

'તનવીને ઝમ્માહ' કે 'તનવીને કસ્રહ' ને પણ 'સુકૂન' માં ફેરવી નાખવામાં આવે છે.

૩. રબ્બેકુમ અઝીમ رَبُّكُمْ عَظِيْمٌ

૪. રબ્બિર રહીમ رَبِّ رَّحِيْمٍ

**<u>મસઅલો:–</u>**

એહતિયાતે મુસ્તહબ છે કે નમાઝમાં જયારે વકફ કરે તો છેલ્લા અક્ષર ને સાકિન કરે અને ઝેર, ઝબર વગેરેને નિશાની સાથે ન પડે. એવી જ રીતે બે આયત જોડવી હોય તો પહેલી આયતના

છેલ્લા અક્ષરને સુકૂન સાથે ન પડે. બલ્કે ઝેર, ઝબર વગેરે જે નિશાની હોય તેની હરકત સાથે જોડણી કરે.

મસઅલા નંબર : ૧૦૧૩
તવઝીહુલ મસાઈલ
સૈયદ અલી હુસૈની સિસ્તાની સાહેબ

**દા.ત.**

**اَلْحَمْدُ لِلّٰـهِ رَبِّ الْعَالَمِيْنَ ○ الـرَّحْـمٰنِ الـرَّحِـيْـمِ ○**

**ઠહેરવુ  હોય તો.**

"અલ્હમ્દો લિલ્લાહે રબ્બિલ્આલમીન. અરરહમાનિરરહીમ."

**ઠહેરવુ ન હોય તો.**

"અલ્હમ્દો લિલ્લાહે રબ્બિલ્આલમીનરરહમાનિરરહીમ."

**૨) વકફે ઈબ્દાલ** **وقف ابدال (٢)**

૧) શબ્દના છેલ્લા અક્ષર પર તનવીને ફત્હા હોય તો તે 'અલિફે મદ્દી' માં બદલાઈ જશે.તેથીતેને વકફે ઈબ્દાલ કહે  છે.

દા.ત. ૧. અલીમન હકીમા **عَلِيْـمًا حَكِيْمًا**

૨. અજલુમ્મુસમ્મા **اَجَلٌ مُّسَمًّى**

٢) શબ્દનો છેલ્લો અક્ષર 'તા–એ–તાનિસ' (ةً) હોય તો

તે( ه ) 'હા' માં બદલાઈ જશે. દા.ત.

હોમઝતિલ્લોમઝહ. هُمَزَةٍ لُّمَزَةِ

મ લ્હ ો ત મ હ. مَاا لْحُطَمَةُ

અ લ ૈ હિમ મુ'સ દ હ عَلَيْهِمْ مُّؤْ صَدَةٌ

રા ઝેયત મ્મ ર ઝિ ય્ય હ رَاضِيَةً مَّرْضِيَّةً

## (٣) وقف بدو ن تغير

**૩) ફેરફાર વગર ઠહેરવુ.**

ઠહેરતી વખતે શબ્દનો છેલ્લો અક્ષર સાકિન પણ નહીં થાય અને બદલાશે પણ નહીં તેમાં કોઈપણ પ્રકારનો ફેરફાર નહીં થાય. બદલાયા વગર ઠહેરવુ. દા.ત.

(અલિફ મદ્દી)

وَاعْفُ عَنَّا وقفة وَاغْفِرْ لَنَا وقفة وَارْحَمْنَا وقفة

વરહમ્ના , વગ્ફિરલના , વઅફો અન્ના

(અલિફ મદ્દી)

رَبِّ اَرِنِىْ كَيْفَ تُحْىِ الْمَوْتٰى ط

રબ્બે અરેની કય્ફ તુહયિલ મવ્તા,

( સુકૂન )

قَالَ اَ وَلَمْ تُؤْمِنْ ط

કાલ અવલમ તુઅમિન ,

( યા–એ મદી)

قَالَ بَلىٰ وَلٰكِنْ لِّيَطْمَئِنَّ قَلْبِىْ ط

કાલબલા વલા કિલ્લે યત્મઈન્ન કલ્બી ,

(વાવે મદી )

وَاعْتَصِمُوْا بِحَبْلِ اللّٰهِ جَمِيْعًا وَّلَا تَفَرَّقُوْا ط

વઅતસેમૂ બેહબ્લિલ્લાહે જમીઅંવ્વલા તફર્રકૂ

## વકફ(ઠહેરવા)ની રીત –૨

આયતમાં ઠહેરતી વખતે છેલ્લા અક્ષરને સાકિન કર્યા પછી નીચે આપેલી ત્રણ રીત મુજબ પડી શકાય છે.

૧. વકફે રવ્મ وقف روم
૨. વકફે ઈશ્માम وقف اشمام
૩. વકફુલ હાક وقف الحاق

૧. <u>વકફે રવ્મ :</u> وقف روم

શબ્દના છેલ્લા અક્ષરને ઝેર / કસ્રહ હોય ત્યારે ઠહેરતી વખતે છેલ્લા અક્ષરને સાકિન કર્યા પછી થોડો ઝેર નો અંદાઝ કરવો તેને 'રવ્મ' કહે છે.

૨. <u>વકફે ઈશ્મામ :</u> وقف اشمام

છેલ્લા અક્ષરને પેશ હોય ત્યારે ઠહેરતી વખતે છેલ્લા અક્ષર ને સાકિન કર્યા પછી થોડો પેશ નો અંદાઝ કરવો તેને 'ઈશ્મામ' કહે છે.

૩. <u>વકફુલ હાક :</u> وقف الحاق

એટલે કે ઠહેરતી વખતે છેલ્લા અક્ષરની સાથે 'હા – એ – સકતા' (هْ) નો વધારો કરવો દા.ત.

| | |
|---|---|
| ١) સૂ. બકરહ–૨ | لَمْ يَتَسَنَّهْ |
| ٢) સૂ. અનઆમ–૯૦ | فَبِهُدَاهُمُ اقْتَدِهْ |
| ٣) સૂ. હાકકહ –૨૦–૨૬ | حِسَابِيَهْ |
| ٤) સૂ. હાકકહ –૨૯ | سُلْطَانِيَهْ |
| ٥) સૂ. હાકકહ–૨૫–૧૯ | كِتَابِيَهْ |
| ٦) સૂ. હાકકહ–૨૮ | مَالِيَهْ |
| ٧) સૂ. કારેઅહ–૧૦ | مَاهِيَهْ |

સબક નંબર ૧૩ માં વકફ ની ત્રણ રીત આપવામાં આવી છે.તે 'વકફ' માટે શ્રેષ્ઠ છે.

| | |
|---|---|
| ૧. સુકૂન(વકફે ઈસ્કાન) | وقف اسكان |
| ૨. બદલવું(વકફે ઈબ્દાલ) | وقف ابدال |
| ૩. ફેરફાર વગર (વકફે બિદૂને તગય્યુર) | وقف بدون تغير |

## સબક :૧૪

### કુરઆને મજીદમાં આવેલ નિશાનીઓની ટૂંકી સમજ

# رموزاوقاف قران ١٤

૧) O (વકફે તામ) અહીં ઠહેરવુ જોઈએ

૨) م (વકફે લાઝિમ) અહીં ઠહેરવુ જોઈએ. ન ઠહેરવાથી અર્થ બદલાઈ જશે.

૩) ط (વકફે મુત્લક) અહીં ઠહેરવુ જોઈએ.

૪) ج (વકફે જાએઝ) અહીં ઠહેરવુ બહેતર છે. ન ઠહેરવામાં વાંધો નથી.

૫) ز (વકફે મુજવ્વઝ) અહીં ન ઠહેરવુ બહેતર છે. ઠહેરે તો વાંધો નથી.

૬) ص (વકફે મુરખ્ખસ) અહીં મેળવીને પડવું બેહતર છે. પરંતુ થાકીને ઠહેરી જાય તો છુટ છે.

૭) صل અહીં ઠહેરવુ બહેતર છે.

૮) صلے ( વસ્લે ઉલા ) અહીં મેળવીને પડવુ બેહતર છે.

૯) ق અહીં ઠહેરવુ જોઈએ નહીં

૧૦) قف (કિફ) અહીં ઠહેરવુ જોઈએ.

૧૧) س અથવા سكتة અહીં ઠહેરવું જોઈએ પરંતુ શ્વાસ ન તૂટવો જોઈએ.

૧૨) وقفه (વકફહ)અંહી થોડુક વધારે ઠહેરવુ જોઈએ પરંતુ શ્વાસ ન તૂટવો જોઈએ.

૧૩) ك (કઝાલેક) અહીં અગાઉની નિશાની મુજબ અમલ કરવો જોઈએ.

૧૪) (∴) . . . . . (∴) (વકફે મોઆનેકા)
આવી નિશાની આયતમાં બે વાર હોય છે. બે માંથી કોઈપણ એક જગ્યાએ ઠહેરવુ જોઈએ.

૧૫) لا (લા) અંહી ન ઠહેરવુ જોઈએ.

૧૬) ٥ આનિશા ની ગૈરે કૂફી ની નઝદીક આયત છે, અહીં વકફ કર્યા પછી પાછલા શબ્દો થી દોહરાવવાની જરૂર નથી.

---

اِنَّ الَّـذِىْ لَيْسَ فِىْ جَوْفِهٖ شَىْءٌ مِّنَ الْقُـرْاٰنِ كَالْـبَيْـتِ الْخَرِبِ

જેના બાતિન(અંતઃકરણ)માં કુરઆનમાંથી કાંઈ પણ ન હોય તો તે એક વિરાન ઘરની જેમ છે.

رُبَّ تَالٍ لِلْقُرْاٰنِ وَالْقُرْاٰنُ يَلْعَنُـهٗ

કેટલાય એવા કુરઆન પડવાવાળા છે કે કુરઆન તેની ઉપર લઅનત કરે છે.

 હ.રસૂલે ખુદા સ.અ.વ.

فِيْـهِ رَبِيْعُ الْقُلُوْبِ وَيَنَا بِيْعُ الْعِلْمِ وَمَا لِلْقَلْبِ جَلَاۤءٌ غَيْرُهٗ

કુરઆન દિલની વસંત છે, જ્ઞાનનું ઝરણું છે. દિલને નુરાની બનાવવાનો તેના સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી.

 હ. અલી(અ.સ.)

## સબક ૧૫: હુરૂફે મુકત્તે આત حروف مقطعات

કુરઆને શરીફમાં અમુક સૂરાની શરૂઆતમાં ઝેર, ઝબર કે પેશની નિશાની વગરના અક્ષરો હોય છે. તેવા અક્ષરો એક–એક કરીને અક્ષરની જેમ જ ઉચ્ચારવામાં આવે છે. પણ તેની ઉપર મદ હોવાથી તેને લંબાવીને પડવામાં આવે છે. આવા અક્ષરોને 'હુરૂફે મુકત્તેઆત' કહે છે.

الٓمٓ  الٓرٰ  الٓمٓصٓ

اَلِفْ لَآمْ مِّیْمْ  اَلِفْ لَآمْ رَا  اَلِفْ لَآمْ مِّیْمْ صَآدْ

طٰسٓ  طٰسٓمٓ  یٰسٓ

طٰا سِیْنْ  طٰا سِّمِّیْمْ  یَا سِیْنْ

حٰمٓ  عٓسٓقٓ  الٓمٓرٰ

حَا مِیْمْ  عَیْنْ سِیْنْ قَافْ  اَلِفْ لَآمْ مِّیْمْ رَا

كٓهٰیٰعٓصٓ  طٰهٰ  صٓ

كَآفْ هَا یَا عَیْنْ صَآد  طَا هَا  صَآدْ

نٓ  قٓ

نُوْنْ  قَا فْ

## સબક : ૧૬ ١٦ فرش الحروف

કલેમાતે કુરઆન માં અમુક અક્ષરો ના ઉચ્ચારણ વિશે સમજણ.

يَبْصُطُ بَصْطَةً

(સૂ.બકરહ–૨૪૫) (સૂ.અઅરાફ –૬૯)

(૧) ઉપરના બન્ને શબ્દો માં 'સાદ'ની જગ્યા એ 'સીન'નો ઉચ્ચાર કરી શકાય છે. અને 'સીન' નો ઉચ્ચાર કરવો વધારે સારો છે.

اَلْمُصَيْطِرُوْنَ بِمُصَيْطِرٍ

(સૂ.ગાશેયહ–૨૨) (સૂ.તૂર–૩૭)

આ બન્ને શબ્દો માં પણ 'સાદ' ની જગ્યા એ 'સીન' નો ઉચ્ચાર કરી શકાય છે, પણ' સાદ' નો ઉચ્ચાર કરવો વધારે સારૂ છે.

(૨) કુરઆનમાં છ કલેમાત એવા છે જેમાં વાવે મદ્દી પડવામાં નહીં આવે.

اُولِى اُولَات اُولُوا

اُولَآئِكَ اُولَآءِ سَاُورِيْكُمْ

(૩) لَا تَاْمَنَّا (પારા નં. ૧૨ સુરએ યુસુફ : ૧૧)

આસિમની કિરાઅત મુજબ મુશદ્દદ નૂનને ઈશ્મામની રીતે એટલે થોડા પેશના અંદાઝમાં પડવું જોઈએ. કારણકે અસ્લમાં તે لَا تَاْمَنُنَا હતું

(૪) اَعْجَمِيٌّ ءَ (પારા નં. ૨૪, સુરએ હા મીમ સજદહ : ૪૪)

હમ્ઝા પછીના અલિફને બહુ ભાર દઈને નહીં પણ હળવાશથી ઉચ્ચાર કરવો જોઈએ. આ બાબતની નોંધ તેના હાંશીયા પર પણ છે.

---

## સબક ૧૭ અલિફે ઝાએદ ١٧ الف زائد

'અલિફે ઝાએદ' એટલે કે એવો 'અલિફ' જે વાકયમાં આવે ત્યારે તેનો ઉચ્ચાર કરવામાં આવતો નથી. આવા અલિફ ઉપર કોઈ નિશાની પણ હોતી નથી.

જેમ કે مَلَا ئِه

ઉપરના શબ્દમાં 'લામ' પછી નો 'અલિફ' ઉચ્ચારવામાં નહીં આવે કારણ કે તે 'અલિફે ઝાએદ' એટલે કે નિશાની વગરનો છે. તેથી તેનો ઉચ્ચાર 'મલએહી' થશે.

તેમજ દરેક જગ્યાએ આ શબ્દ ( اَنَا ) હંમેશા 'અન' પડાશે , અના નહીં.

આ સિવાય પણ કુરઆને મજીદમાં ઘણી જગ્યાએ 'અલિફે ઝાએદ' જોવા મળે છે જેનો પડતી વખતે ઉચ્ચાર કરવામાં આવતો નથી. કુરઆને શરીફમાં કેટલીક જગ્યાએ 'અલિફે ઝાએદ' ઉપર × અથવા o જેવી નિશાની જોવા મળે છે જેતેના 'અલિફઝાએદ' હોવાનીઓળખઆપેછે. જેમકે :

અહીં અફઈમ્માત પડાશે اَفَا۠ ئِنْ مَّاتَ

અલિફ મુતફારેકા الف متا رقه

શબ્દના અંતે આવતા 'વાવે મદી'ની પછી આવતા અલિફને ‘અલિફે મુતફારેકા’ કહે છે. જે લખવામાં આવે છે પણ પડવામાં નથી આવતો. જે અરબીમાં ક્રિયાના બહુવચન માટે લખવામાં આવે છે.જેમકે.

| | | |
|---|---|---|
| ૧. | તેઓએ કર્યું | فَعَلُوْا |
| ૨. | તેઓ ઈમાન લાવ્યા | اٰمَنُوْا |
| ૩. | તેઓએ કહ્યું | قَالُوْا |

---

# سبــق ۸۱ ســجــد هــای واجــب

## સબક ૧૮ કુરઆનના વાજિબ સજદાઓ :

કુરઆનમાં ચાર જગ્યાએ વાજિબ સજદાઓ નીચે પ્રમાણે આવે છે.

(૧) સૂરએ સજદહ આયત નં. ૧૫

(૨) સૂરએ હા મીમ સજદહ આયત નં. ૩૭

(૩) સૂરએ નજમ છેલ્લી આયત

(૪) સૂરએ અલક છેલ્લી આયત

કુરઆનના વાજિબ સજદામાં માથું જમીન ઉપર ટેકયા બાદ કોઈ ઝિક્ર ન પડે તો કાફી છે. બહેતર છે કે ઝિક્ર પડે અને એથી બહેતર છે કે નીચે મુજબ પડે.

મસઅલો ૧૧૦૮ :તવઝીહુલ મસાઈલ આકાએ સૈયદઅલી હુસૈની સીસ્તાની સાહેબ.

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ حَقّاً حَقّاً لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ اِيمَانًا وَّتَصْدِيقًا لَآاِلٰهَ اِلَّا اللّٰهُ عُبُوْدِيَّةً وَّرِقًّا سَجَدْتُ لَكَ يَارَبِّ تَعَبُّدًا وَّرِقًّا لَا مُسْتَنْكِفًا وَّلَا مُسْتَكْبِرًا بَلْ اَنَا عَبْدٌ ذَلِيلٌ خَآئِفٌ مُسْتَجِيرٌ۔

---

حَقُّ الْوَلَدِ عَلَى الْوَالِدِ اَنْ يُحْسِنُ اِسْمَهٗ وَيُحَسِّنَ اَدَبَهٗ وَيُتَعَلِّمَهُ الْقُرْاٰنَ

પુત્રનો તેના પિતા પર હક છે કે તેનું સારુ નામ રાખે, તેની સારી તરબિયત કરે અને તેને કુરઆનની તાલીમ આપે.

હ. અલી (અ.સ.)

فَضْلُ الْقُرْاٰنِ عَلٰى سَآئِرِ الْكَلَامِ كَفَضْلِ اللّٰهِ عَلٰى خَلْقِهٖ

કુરઆનને તમામ કિતાબો(કલામ) પર એવી રીતે અગ્રતા હાંસિલ છે જેવી રીતે કે ખુદાને તેની મખ્લૂક ઉપર.

હ. રસૂલે ખુદા (સ.અ.વ.)

اِنَّ الْقُرْاٰنَ نَزَلَ بِالْحُزْنِ فَاِذَا قَرَأْتُمُوْهُ
فَابْكُوْا فَاِنْ لَّمْ تَبْكُوْا فَتَبَاكُوْا ۔

બેશક કુરઆન ગમની સાથે નાઝિલ થયુ છે. જયારે તેની તિલાવત
કરો તો રડો, જો રડવું ન આવે તો રડવાની કોશિશ કરો.

હ. રસૂલેખુદા(સ.અ.વ.)

حَسِّنُوْا الْقُرْاٰنَ بِاَصْوَاتِكُمْ فَاِنَّ
الصَّوْتَ الْحَسَنَ يَزِيْدُ الْقُرْاٰنَ حُسْنًا

કુરઆનને સારા અવાઝથી ખૂબસૂરતી અતા કરો. કેમ કે
સારો અવાઝ કૂરઆનની ખુબસૂરતીમાં વધારો કરે છે.

હ.રસૂલે ખુદા સ.અ.વ.

نَوِّرُوْا بُيُوْتَكُمْ بِتِلَاوَةِ الْقُرْاٰنِ

તમો તમારા ઘરોને તિલાવતે કૂરઆનથી મુનવ્વર કરો.

હ.રસૂલે ખુદા સ.અ.વ.

# અનુક્રમણિકા

| સબક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | હુરૂફે તહજ્જી | ૧૧ |
| ૨. | હુરૂફ ના પ્રકાર | ૧૨ |
| ૩. | મખરજ | ૧૭ |
| ૪ | હરકત તથા અલામત | ૨૧ |
| ૫. | ઈદગામ | ૨૮ |
| ૬. | એહકામે નૂન સાકિન | ૩૧ |
| ૭. | એહકામે મીમ સાકિન | ૩૫ |
| ૮. | તફખીમ અને તરકીક | ૩૭ |
| ૯. | મદ અને કસ્ર | ૪૩ |
| ૧૦. | હમ્ઝાએ વસ્લ | ૫૧ |
| ૧૧. | હા ના પ્રકાર | ૫૬ |
| ૧૨. | ઈમાલા | ૬૦ |
| ૧૩. | વકફ ની રીત | ૬૧ |
| ૧૪. | અલામતે કુરઆન | ૬૬ |
| ૧૫. | હુરૂફે મુકત્તેઆત | ૬૮ |
| ૧૬. | ફરશુલ હુરૂફ | ૬૯ |
| ૧૭. | અલીફે ઝાએદ | ૭૦ |
| ૧૮. | વાજિબ સજદા | ૭૧ |